પ્રભુ પાર્થના બાદ મીટનું સ્વાગત ઉદબોધન શ્રી વિનોદભાઈ સોલંકીજી કરી મીટનો શુભારંભ કર્યો અને આજની મીટમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત યુવાનોને જોઈ ખુબજ ઉત્સાહીત થયા અને યુવાનો જ આપણા સમાજ અને વ્યવસાયનું ભવિષ્ય હોય તેમની ઉપસ્થિતિ એક ગૌરવની વાત કહી. શ્રી કૌશલભાઇ રાઠોડ દ્વારા આજના દિવસના એજન્ડાની જાણ કરવામાં આવી. લક્ષ્ય સમિતિના પ્રભારી શ્રી પરેશભાઈ ચૌહાણ દ્વારા આ મીટનો ઉદ્દેશ અને હેતુની જાણકારી આપી હતી. ત્યારબાદ તેઓ દ્વારા ૨૦૧૩થી લક્ષ્ય સમિતિની શરૂ થયેલ યાત્રાની માહિતી આપી હતી અને મહાસભાની લક્ષ્ય સમિતિના વિઝન અને મિશનની વિસ્તૃત જાણકારી આપી હતી. તેઓએ આ મીટની માહિતી આપતા જણાવ્યું કે આજની મીટ અત્યાર સુધી ૧૫૭ રજિસ્ટ્રેશન થયા છે જેમાં ૫૦ થી વધુ અલગ અલગ વ્યવસાય સાથે સંકળાયેલા ડેલિગેટ્સ ભારતભરના ૩૨ શહેર અને ૧૧ રાજ્યો માંથી આવી રહ્યા છે જે આ મીટ ની સફળતાનો પુરાવો છે.

મીટના મુખ્ય ઉદ્દેશ કનેકશન-કોલોબ્રેશન માટે પધારેલા સર્વે લોકોનો પરિચય ખુબજ જરૂરી હોય દરેક લોકોની એક માહિતીસભર પી.પી.ટી. દ્વારા સર્વે લોકોએ પોતાની વ્યવસાયીક માહિતીની આપ-લે કરી હતી. આ સમગ્ર સમીટની સુંદર પી.પી.ટી.નું પ્રેઝન્ટેશન પુના નિવાસી શ્રી સ્મિતભાઇ જેઠવા દ્વારા કરવામાં આવ્યું હતું.

યુવાનો અને અનુભવી વ્યાવસાયિકો સાથે એક ખૂબ માહિતી સભર પેનલ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં વ્યવસાય સાથે સંકળાયેલા બને પેઢીના લોકોએ એક ઉપયોગી ચર્ચા કરી. આ ચર્ચામાં શ્રી વિનોદભાઈ સોલંકીજી-માધાપર સાથે તેમના સુપુત્ર શ્રી મોહિતભાઈ સોલંકી, શ્રી વિમલભાઈ ચાવડા-રાયપુર સાથે શ્રીમતી હેમાબેન ચાવડા અને તેમની સુપુત્રી કુ. ખુશી ચાવડા અને શ્રી યોગેશભાઈ ચાવડા-નાગપુર સાથે તેમના સુપુત્ર શ્રી આતુરભાઈ ચાવડા અને શ્રી પ્રફુલભાઈ પરમાર-રાજનાંદગાંવ સાથે તેમના સુપુત્ર શ્રી ભાવેશભાઈ પરમારએ પેનલ ડિસ્કશનમાં ભાગ લીધો હતો. આ પેનલના સુત્રધાર શ્રી પુર્વીબેન ચૌહાણ અને શ્રી ધવલભાઇ ખોડિયાર હતા. સમાજના લોકોને પોતાના જીવન દરમિયાન કોઈ પણ વ્યવસાયિકોની મદદ કે માર્ગદર્શનની જરૂર પડતી હોય છે ત્યારે જો આપણને આપણા સમાજના તેજ ફિલ્ડના તજજ્ઞની માહિતી હોય તો તેમનો અભિપ્રાય લઈ એકબીજા સાથે જોડાઈને વ્યવસાયિક વિકાસ સાથે સમાજ વિકાસ કરવાંનું ઉપયોગી સૂચન કરાયું હતું.




**બિઝનેસ સમિટ – મુંબઈની ઉપલબ્ધિ :** મુંબઈ ખાતે યોજાયેલ KGK Next Gen Business Summit દરમિયાન સમાજના વ્યાવસાયિકો અને પ્રોફેશનલ સભ્યો માટે એક Digital Business Portalનું લોન્ચિંગ કરવામાં આવ્યું. આપણા સમાજના નાનામાં નાના વ્યવસાયિકોથી લઈને મોટા ગજાના ઉદ્યોગપતિઓ તમામ લોકોની માહિતી આપણા સમાજબંધુઓ અને







યુવાનોને આંગણીના ટેરવા પણ મળી રહે તે માટે પુના નિવાસી શ્રી સંદીપભાઈ ચાવડા દ્વારા ખાસ આ પોર્ટલ બનાવામાં આવ્યું. આ પોર્ટલ દ્વારા આપણા સમાજના નાના થી નાના વ્યાવસાયિકથી લઈને તમામ ઉદ્યોગસાહસિકો અને પ્રોફેશનલ્સને ડિજિટલી જોડવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો છે. પોર્ટલમાં જોડાવા માટે **www.kgklakshya.in** પર Login કરવું રહેશે. હોમ પેજ પર આપનો Mobile Number અથવા E-mail ID દાખલ કરીને Login કરી શકાશે. હાલ માટે નવી એન્ટ્રી માટે કોમન પાસવર્ડ **kgk123** રાખવામાં આવેલ છે, જેના દ્વારા આપ પોતાની માહિતી ઉમેરી શકશો. માહિતી દાખલ કર્યા બાદ આપ પોતાનો Password બદલી શકશો. આપણા સમાજના વ્યાવસાયિકોને એક મજબૂત Digital Networking Platform દ્વારા જોડવાનો આ એક સરાહનીય અને દુરંદેશી પ્રયાસ છે. માહિતી ભરવામાં કોઈપણ પ્રકારની મુશ્કેલી હોય તો આપ લક્ષ્ય ટીમનો સંપર્ક કરી શકો છો. આટલા સુંદર આયોજન મા રાતના ૮.૩૦ વાગી ગયા તેની ખબર જ ના પડી. બધા લોકો જમવા માટે વિરામ લીધો અને આવતીકાલે સવારે બરાબર ૯:૩૦ કલાકે મળવાના વાયદા સાથે ભોજન માટે જોડાયા.

તા. ૧૭/૬/૨૬ રવિવાર ના સવારે બરાબર વાયદા અનુસાર ૯:૩૦ કલાકે મીટિંગ શરૂ થઈ ગઈ અને ડેલીગેટ્સના ઇન્ટ્રોડક્શન થી શરૂઆત કરવામાં આવી. યુવા ડેલીગેટ્સ પ્રાચી પરમાર દ્વારા વ્યવસાયમાં વાસ્તુની ઉપયોગિતા અને જરૂરિયાત વિશે એક ઉપયોગી પ્રેજનટેશન આપ્યું અને કાર્ય પૂર્ણ કરવા **"TO DO LIST"** માટે એક ઉપયોગી પોકેટ બુક સર્વે ને આપી. GEN-G ના વિચારો અને અભિગમ જાણવા માટે દશ યુવાનો સાથે પ્રશ્નોત્તરી દ્વારા તેમના મંતવ્યો વ્યક્ત કર્યા અને હવે પછીની ટેકનોલોજી અને અભિગમ વિશે અભિમત આપ્યો. આ પ્રશ્નોતરીમાં મુંબઈના કુ. શિવાની પરમાર, શ્રીમતી આકાંશા ચાવડા-હૈદરાબાદ, શ્રીમતી ડો.પ્રિયાંશુ જેઠવા-પુના, શ્રી નિગમ ચાવડા-મુંદ્રા, શ્રી ધ્રુવ ચૌહાણ-રાજકોટ, શ્રી રોનક ચાવડા-નાગપુર , શ્રી રિંકલ પરમાર-શંભાજીનગર ભાગ લીધો હતો. એક ત્વરીત પ્રશ્નોતરીમાં ઉપસ્થિત યુવાનો સાથે વ્યવસાય વિશે પોતાનો અભિગમ અને મંતવ્ય જણાવ્યા હતા. સમગ્ર પ્રશ્નોતરીનું સંચાલન શ્રી કૌશલભાઇ રાઠોડ અને શ્રી પરેશભાઇ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ હતું.

આજના યુગનો મહત્વનો શબ્દ છે **"AI"** એટલે કે **''આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ''**. આ વિષયને સરળતાથી સમજાવા બેંગ્લોરથી શ્રી ડો. હરીશભાઈ ચૌહાણ ખાસ પધારેલા જેમણે AI પર બૂક પણ લખી છે. તેમની સાથે બીજા AI ના તજજ્ઞ પુના નિવાસી શ્રી સંદીપભાઈ ચાવડા સાથે ખૂબ સરળ ભાષામાં વાતચીત દ્વારા AIની જરૂરિયાત અને ભવિષ્ય વિશે જાણકારી આપી અને લોકોના AI વિશેના પ્રશ્નોની પણ સંતોષ કારક જાણકારી આપી. આમ, આ સેશન ખુબજ ઉપયોગી અને રસપ્રદ રહ્યો.

ગાંધીધામ નિવાસી યુવા બિઝનેસ ટાયકૂન એવા શ્રી સંચિતભાઈ પ્રવીણભાઈ જેઠવા, મુંદ્રાના શ્રી નિગમભાઈ ભોગીલાલભાઈ ચાવડા સાથે નાગપુર સ્થિત શ્રી યોગેશભાઈ ચાવડા એક સુઝાવ સાથે જોડાયા. તેઓના મત મુજબ જયારે આપણા સમાજ ના લોકો સાથે વેપાર કરતા કોઈ નાણાકીય ગુંચ આવે તો સમાજ તરફથી દરમિયાનગીરી કરાવી જોઈએ. આ ચર્ચામાં શ્રી વિનોદભાઇ જેઠવા, શ્રી ભોગીલાલભાઇ ચાવડા, શ્રી સુનિલભાઇ ચાવડા અને શ્રી મનોજભાઇ સોલંકીજીએ પણ પોતાના વિચારો જણાવ્યા હતા. આ બાબત નવી હોય આ અંગે યોગ્ય વિચાર વિમર્ષ સાથે નિર્ણય કરવાનું નક્કી કરાયું. બરાબર બે વાગે ભોજન અને કનેક્શન માટે વિરામ લીધો અને બરાબર ૩:૩૦ કલાકે ફરીથી મિટિંગ શરૂ કરવામાં આવી. બાકી રહી ગયેલા ડેલીગેટ્સનું ઈન્ટ્રોડ્યૂક્શન મેળવ્યા બાદ રાજનાંદગાંવથી પધારેલ SKHA COIR INDUSTRIES ના શ્રી અને શ્રીમતી અંચલ કૌશિક ચૌહાણે પોતાનું પ્રેઝન્ટેશન આપ્યું.

ત્યારબાદ મીટના સહ પ્રાયોજક અને મહાસભા ના ઉપપ્રમુખ શ્રી સુનિલભાઈ ચાવડા એ આવી મીટ નિયમિત કરવા માટે ભાર મૂક્યો અને યુવા પેઢી ના કનેકશન માટે આજની મીટ ખુબજ ઉપયોગી સાબિત થશે એવી આશા વ્યક્ત કરી. ત્યારબાદ મીટના સહ પ્રાયોજક શ્રી મનોજભાઈ વેગડ-ગાંધીધામ દ્વારા પણ આ મીટની જરૂરીયાત પર ભાર મૂક્યો અને આજના સુંદર આયોજન માટે મુંબઈ ઘટક અને લક્ષ્ય સમિતિને અભિનંદન પાઠવ્યા.

**''લક્ષ્ય સમિતિની બીજી ઉપલબ્ધી''** આપણા સમાજના લોકો માટે એક **"Angel Investor Group"** ની માહિતી શ્રી સંદીપભાઈ ચાવડા-પુના, શ્રી વિપીનભાઈ રાઠોડ - બેંગ્લોર, શ્રી વિમલભાઈ ચાવડા- રાયપુર, શ્રી સુભાષભાઈ ચાવડા નાગપુર અને શ્રી પરેશભાઈ ચૌહાણ - રાજકોટ દ્વારા આપવામાં આવી. આ ગ્રુપનો હેતુ આપણા સમાજના નવા સ્ટાર્ટ અપ શરૂ કરતા લોકો અને પોતાના વ્યવસાયને આગળ વધારવા માટે નાણાકીય મદદ અને મેન્ટરશિપ

મળવી એકબીજાના સહકારથી જોડાઈ વ્યવસાયિક પ્રગ્રતિ સાથે સમાજ વિકાસનો પાયો નાખવાનો છે. આ માટે સર્વ પ્રથમ સમાજબંધુઓ એ નિયત માહિતી આપવાની રહેશે. અરજદારના પ્રોજેક્ટ રિપોર્ટના અભ્યાસ બાદ ઇન્વેસ્ટર ગ્રુપના સભ્યોને તેની માહિતી આપવામાં આવશે. આ માહિતીના આધારે પ્રોજેક્ટ કરનાર અને પ્રોજેક્ટમાં રસ ધરાવનાર વ્યક્તિઓની મીટિંગ ગોઠવી દેવામાં આવશે. આ મીટિંગમાં બંને લોકો એકબીજા સાથે વાતચીત કરી પ્રોજેક્ટમાં જોડાશે. પ્રોજેક્ટમાં જોડાવું કે નહીં અને પ્રોજેક્ટમાં કેટલું રોકાણ કરવું? કેવી રીતે કરાવું? આ બધા નિર્ણયો આપસી સમજૂતીથી કરવામાં આવશે. રોકાણ અને વળતર બાબતે બંને પક્ષો દ્વારા આપસી સહમતી જરૂરી છે.

સમાજના મોટા ગજાના ઉદ્યોગપતિઓ કે જેઓ પોતાની મૂડી કે પોતાની એક્સપર્ટાઈઝ દ્વારા નવા બિઝનેસમેનો માટે એક અમૃત સમાન યોજના બની શકે છે. આ માટે મીટિંગમાં ઉપસ્થિત ઉદ્યોગપતિઓ દ્વારા જો યોગ્ય પ્રોજેક્ટ હોય તો ભાગીદારી માટે તૈયારી બતાવી હતી અને **કુલ પાંચ કરોડ રૂપિયા** જેટલી માતબર રકમની બાહેધરી આપવામાં આવી હતી. આમ આપણા સમાજના નવા ઉદ્યોગ સાહસિકો અને ઉદ્યોગકારો માટે આ યોજના એક સંજીવની સમાન બની રહેશે.

અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતિ ગીતાબેન ચૌહાણ - નાસિક રોડ દ્વારા મહિલા સશક્તિકરણ અને બાળકોના વિકાસ માટે પોતે કરી રહેલા વ્યવસાયનું ઉપયોગી પ્રેઝન્ટેશન કરાયું હતું. મુંબઈ નિવાસી શ્રી વિમલભાઈ પરમાર દ્વારા ફોટોગ્રાફી પર પોતાની ૪૦ થી વધુ વર્ષના અનુભવનો નિચોડ એક સુંદર પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવેલ. મહાસભાના વરિષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઈ સોલંકી દ્વારા બે દિવસ દરમિયાન થયેલ તમામ ચર્ચાનું સુંદર સંકલન સચોટ બિંદુઓ દ્વારા કરવામાં આવ્યું. મીટના અંતિમ પડાવમાં લક્ષ્ય એચીવર્સ એવોર્ડ માટે યુવા પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે એવોર્ડ આપવામાં આવ્યા. જેમાં કુ. શિવાની પરમાર, કુ. ખુશી ચાવડા, શ્રી અને શ્રીમતી અંચલ કૌશિકભાઈ ચૌહાણ, ઉજ્જૈન નિવાસી શ્રી અને શ્રીમતી રાજ રાઠોડ, કુ. પ્રિયા પઢિયાર ઉમરગામ, શ્રી હર્ષિત ગોહિલ કુકમા, શ્રી રિંકલ પરમાર ઔરંગાબાદને આપવામાં આવેલ.

બિઝનેસ એક્સેલન્સ એવોર્ડ માટે ગુજરાત સરકાર દ્વારા યુવા ગૌરવ એવોર્ડ વિજેતા એવા શ્રી મોહિતભાઈ સોલંકી, એવા જ નાની ઉંમરે મોટા ગજાનું કામ અને નામ કરનાર શ્રી જયદીપભાઈ સોલંકી - કુકમા અને મહિલા સશક્તિકરણ માટે શ્રીમતી ગીતાબેન ચૌહાણ - નાસિક રોડ, અતિ જટિલ પ્રોજેક્ટ એવા કન્વીનિયર બેલ્ટનો પ્લાન્ટ કાર્યરત કરી પાંચ વર્ષમાં ભારતના ટોપ ૧૦માં સ્થાન પ્રાપ્ત કરનાર યુવાન શ્રી ભાવેશભાઈ પરમાર - રાજનાંદગાંવ, પરંપરાગત વ્યવસાયથી અલગ એવા પ્રાચીન વસ્તુનો વ્યાવસાય **"ધરોહર"** કે જેને એક રાષ્ટ્રીય સ્તર સુધી લઈ જનાર નાગપુરના બે યુવા ભાઈઓ એવા શ્રી આતુરભાઈ અને રોનકભાઈ ચાવડા, આપણા સમાજના પ્રથમ વૈજ્ઞાનિક કે જેમણે સામાન્ય કાચને બોલતો કર્યો અને વિદેશમાં



ખ્યાતનામ કંપની સાથે જોડાયા. અમેરિકા ના પ્રખ્યાત લાસ વેગસમાં આવેલ સ્પિયર જેવો જ સ્પિયર ઓરલેન્ડોના બનાવી એક ઇતિહાસ રચનાર શ્રી પંકજભાઈ ગોહિલ અને એક સફળ મહિલા ઉદ્યોગપતિ કેમ બની શકે તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ એટલે રાયપુર નિવાસી શ્રીમતી હેમાબેન ચાવડાને પણ લક્ષ્ય એચીવર્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આમ બે દિવસ નો અનુભવ દરેક લોકો માટે પ્રેરણારૂપ બની રહ્યો. સમગ્ર કાર્યક્રમ માટે નાણાકીય સહાય માટે મુખ્ય પ્રાયોજક તરીકે **રૂપિયા ચાર લાખ**નું માતબર રકમનું ડોનેશન આપવા માટે એક સંભારણા રૂપ મોમેન્ટોથી લક્ષ્ય સમિતિ અને મુંબઇ ઘટક દ્વારા આદરણીય શ્રી વિનોદભાઈ સોલકંજી અને શ્રી મોહિતભાઈ સોલંકીજી સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સમગ્ર કાર્યક્રમના સૂત્રધાર એવા મુંબઈ ઘટકને પણ એક સન્માનપત્ર દ્વારા સન્માનિત કરાયા. સમગ્ર કાર્યક્રમના સહપ્રયોજકશ્રીઓ કે જેમણે ૫૧૦૦૦₹/- અને સહયોગી પ્રાયોજક તારીખે ૨૫૦૦૦₹/- નું ડોનેસન આપ્યું તેઓ સર્વેને એક સ્મૃતિ ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. હિસાબની સંપૂર્ણ વિગતોમાં ઉપરોક્ત દાતાઓની વિગત આપવામાં આવી છે. સમગ્ર કાર્યકર્મનું સુંદર સંચાલન માટે શ્રી ધવલભાઈ ખોડિયાર, શ્રી કુશલભાઈ રાઠોડ અને શ્રી પૂર્વી ચૌહાણ અને સમગ્ર મુંબઈ ટીમનું પણ તાળીઓ સાથે સન્માન કરાયું હતું. અંતમાં મહાસભા દ્વારા પણ આદરણીય શ્રી વિનોદભાઈ ખોડિયાર વરિષ્ઠ મહા મંત્રી શ્રી દ્વારા મુંબઈ ઘટકના સુંદર આયોજન માટે ઘટક પ્રમુખ શ્રી હીરાલાલભાઈ ખોડિયાર, ચેરમેન શ્રી વિજયભાઈ ચૌહાણ તથા વરિષ્ઠ સલાહકાર શ્રી દયારાયમભાઈ ચૌહાણ નું સન્માન સાલ ઓઢાડી ને કરાવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમના સૂત્રધાર લક્ષ્ય સમિતીના અધ્યક્ષ શ્રી પરેશભાઈ ચૌહાણના સન્માન વખતે આટલા સુંદર અને સફળ પ્રયાસ બદલ સમગ્ર લોકોને ઊભા થઈએ અને અભિનંદન સાથે સાલ ઓઢલી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાષ્ટગાન સાથે એક સુંદર યાદગીરી અને નવા મિત્રો, નવા વિચારો, નવા અનુભવો અને નવા જોડાણો સાથે ફરીથી મળવા ના કોલ સાથે એક યાદગીરી સ્વરૂપે ગ્રુપ ફોટો બાદ સ્વાદિષ્ટ ભોજન સાથે સમિટ ની ઉજવણી કરી સૌ છૂટા પડયા.

મીટમાં થયેલ આવક-જાવકનો હિસાબ આ અંકમાં અન્ય સમિતિઓના હિસાબો સાથે રજુ કરી રહ્યા છીએ. હિસાબની સંપૂર્ણ ફાઇલ મુંબઇ ઘટક દ્વારા સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીજી અને લક્ષ્ય સમિતિના પ્રભારી શ્રી પરેશભાઇ ચૌહાણને સુપરત કરેલ છે.

# શ્રી ગુર્જર ક્ષત્રિય ગુજરાતી સમાજ, દુર્ગ ઘટક

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કૃષ્ણ પ્રણામી મંદિર પાસે, લુચકી તળાવ, મોતીપારા, દુર્ગ (છ.ગ.), મો. 9301626071 રજી.નં. 1944

## દુર્ગ ઘટકના નવા ભવ્ય, બહુઉદ્દેશિય સુસજ્જીત સમાજ ભવન નિર્માણ હેતુ દાનદાતાઓંની યાદી





**શ્રી દેવેશભાઈ મનોહરભાઈ રાઠોડ**
**શ્રીમતી હર્ષદાબેન દેવેશભાઈ રાઠોડ**
પ્રસ્તાવિત નવા સમાજ ભવનની
ડ્રાઇંગ-ડિજાઇન માટે સેવા આપી છે
Rathod & Associates
દેશમા ગામ-ખિડોઈ, હા.મુકામ-રાજનાંદગાંવ

---

**₹ 5,51,000**



**શ્રી હિતેશભાઈ જ્યોતિભાઈ સોલંકી**
દેશમા ગામ- વીડી, હા.મુકામ- ઉત્તઈ, દુર્ગ

---

**₹ 5,51,000**



**શ્રી ગીરધરભાઈ કેશવજીભાઈ મારૂ**
દેશમા ગામ-દિવરીયા હા.મુકામ- દુર્ગ

---

**₹ 5,51,000**




**સ્વ. નર્મદાબેન દેવશીભાઈ ચાવડા**
**ની પુણ્ય સ્મૃતિમા હસ્તે**
**શ્રી ભોગીલાલભાઈ દેવશીભાઈ ચાવડા**
(મહાસભા ઉપપ્રમુખશ્રી)
દેશમા ગામ-ચંદિયા, હા.મુકામ-મુંદ્રા

---

**₹ 5,51,000**



**સ્વ. ગિરીશભાઈ જયરામભાઈ ચૌહાણ**
**ની પુણ્ય સ્મૃતિમા હસ્તે**
**ગં.સ્વ.દમયંતીબેન ગિરીશભાઈ ચૌહાણ**
**શ્રી ચિરાગભાઈ ગિરીશભાઈ ચૌહાણ**
દેશમા ગામ-કુકમા, હા.મુકામ-દુર્ગ

---

**₹ 5,51,000**



**સ્વ. રણછોડભાઈ માવજીભાઈ પરમાર**
**સ્વ. મણિબેન રણછોડભાઈ પરમાર**
ની પુણ્ય સ્મૃતિમાં હસ્તે
શ્રી કૃષ્ણલાલભાઈ રણછોડભાઈ પરમાર
સ્વ.અરૂણભાઈ રણછોડભાઈ પરમાર
સ્વ.અમૃતભાઈ રણછોડભાઈ પરમાર
દેશમા ગામ-ગળપાધર, હા.મુકામ-દુર્ગ

---

**₹5,00,000**



**શ્રી ચંદ્રકાંતભાઈ ભુવાનભાઈ વાઢ઼ેર**
દેશમા ગામ-સીનોગ્રા, હા.મુકામ- દુર્ગ

---

**₹ 5,00,000**




**સ્વ. શ્રી પ્રાગજીભાઈ પરમાર**
**સ્વ.લીલાવંતીબેન પ્રાગજીભાઈ પરમાર**
**ની પુણ્ય સ્મૃતિમા હસ્તે**
**શ્રી ઘનશ્યામભાઈ પ્રાગજીભાઈ પરમાર**
દેશમા ગામ- માધાપર, હા.મુકામ- દુર્ગ

---

**₹ 4,51,000**



**સ્વ. મુક્તાબેન દયારામભાઈ ચાવડા**
ની પુણ્ય સ્મૃતિમા હસ્તે
શ્રી હરીશભાઈ દયારામભાઈ ચાવડા
શ્રી અનિલભાઈ દયારામભાઈ ચાવડા
શ્રી પ્રકાશભાઈ દયારાભાઈ ચાવડા
સ્વ. શ્રી ભાગેશભાઈ દયારામભાઈ ચાવડા
દેશમા ગામ-દિવરીયા, હા.મુકામ-ગુંડરદેહી

---

**₹ 3,51,000**



**શ્રી મનોજભાઈ પ્રાગજીભાઈ પરમાર**
દેશમા ગામ-હાજાપર, હા.મુકામ- દુર્ગ

---

**₹ 3,51,000**



**શ્રી રતિલાલભાઈ બાબુલાલભાઈ ચૌહાણ**
દેશમા ગામ-રેહા, હા.મુકામ- ભિલાઈ

---

**₹ 3,51,000**



**શ્રી અનિલભાઈ માધવજીભાઈ ટાંક**
દેશમા ગામ-નાગલપર, હા.મુકામ- દુર્ગ

---

**₹ 3,51,000**



**શ્રી જયંતિલાલભાઈ અમરશીભાઈ વાઢ઼ેર**
દેશમા ગામ- સિનોગ્રા, હા.મુકામ- દુર્ગ

---

સર્વે ભામાશાહો, ઉદાર દિલ દાનદાતાઓં, સેવાભાવી સમાજ બાંધવોંને હૃદયનાં અંતઃકરણથી નમન-વંદન-અભિનંદન અર્પિત કરીયે છીએ...
આપ સર્વેના આ મહાદાનનેં અમારા દુર્ગ ઘટકના સર્વે જન-જન વતી આભાર... આભાર..... આભાર.....

**....પીસેગાંવ, દુર્ગ સમાજ ભવન નિર્માણ સમિતિનાં સમસ્ત સભ્યગણોં.....**

**વિશેષ-** બહાર ગામથી કાર્ય હેતુ આવતા સમાજ બાંધવો માટે દુર્ગ સમાજ ભવનમા વ્યાજબી શુલ્ક સાથે રોકાવાની સગવડ ઉપલબ્ધ છે

માનવંતા દાનદાતાઓંની શેષ યાદી આવતા અંકમા સાદર જાહેર કરવામાં આવશે.....(યાદી અપૂર્ણ)

RAAJUL #8839402752

## મહાસભાનું અર્ધવાર્ષિક અધિવેશન અને સગપણ સંમેલન - દેવભૂમિ દ્વારકાની તસવીરો...



# મહાસભાનું અર્ધવાર્ષિક અધિવેશન અને સગપણ સંમેલન - દેવભૂમિ દ્વારકાની તસવીરો...



# મહાસભાનું અર્ધવાર્ષિક અધિવેશન અને સગપણ સંમેલન - દેવભૂમિ દ્વારકાની તસવીરો...



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અ.ભા.મહિલા મહામંડળ સંસ્કાર શિબીર સમિતિ આયોજીત "જીવન સૌરભ સંસ્કાર શિબીર" દ્વારકા – તા. ૦૫/૦૬/૨૦૨૬, શુક્રવારની તસવીર ઝલક...

**મુખ્ય પ્રાયોજક દાતાશ્રી : શ્રીમતી ગીતાબેન વિનોદભાઈ સોલંકી તથા શ્રીમતી ઋતુબેન મોહિતભાઈ સોલંકી – માધાપર**


































# મહાસભા ઘટકોના દ્વારે...

**મહાસભા પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકીજીનો મુંબઈ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ઘટકોના પ્રવાસની તસવીરો...**




મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકીજીની મુંબઈ ઘટકના ભાઈઓ-બહેનો સાથેની સમુહ તસવીર.



મુંબઈ ઘટક પ્રમુખશ્રી હિરાલાલ કે. ખોડિયાર (પટેલ)નું સન્માન



મુંબઈ મહિલા મંડળ (મ) પ્રમુખ શ્રીમતી નીતાબેન પી. વાઘેલાનું સન્માન



મુંબઈ મહિલા મંડળ (પ.) પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન આર. ચાવડાનું સન્માન



મુંબઈ યુવા મંડળ પ્રમુખ શ્રીમતી ત્રિશાબેન ડી. ખોડિયાર (પટેલ)નું સન્માન



મુંબઈ ઘટક દ્વારા મહાસભાના આદ. પ્રમુખશ્રીનું સન્માન



અ.ભા.મહિલા મહામંડળ પ્રમુખશ્રીનું સન્માન



મહાસભા ઘટકના દ્વારેના પ્રભારીશ્રીનું સન્માન



મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકીજીની રત્નાગીરી ઘટકના ભાઈઓ-બહેનો સાથેની સમુહ તસવીર



રત્નાગીરી ઘટક પ્રમુખ શ્રી પ્રદીપભાઈ વતિથી શ્રી રાજેન્દ્રભાઈ વી. ચાવડાનું સન્માન



રત્નાગીરી મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મીતાબેન એચ. પરમારનું સન્માન



મહાસભાના પ્રમુખશ્રી દ્વારા સમાજપિતા શ્રદ્ધેય સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણના સુપુત્ર શ્રી ધરમશીભાઈ હિરજીભાઈ ચૌહાણનું સન્માન



મહાસભા દ્વારા રત્નાગીરીના વડીલ શ્રી અમૃતલાલ વરૂ તથા શ્રી ભવાનજીભાઈ પરમારનું સન્માન



સમાજપિતા 'સમાજરત્ન' શ્રદ્ધેય સ્વ. હિરજીબાપાને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી



રત્નાગીરી ઘટક દ્વારા મહાસભાના હોદ્દેદાશ્રીઓનું સન્માન

**સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)**

# મહાસભા ઘટકોના દ્વારે...

**મહાસભા પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકીજીનો મુંબઈ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ઘટકોના પ્રવાસની તસવીરો...**



નાસીકરોડ ઘટકને આંગણે કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય કરતા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકીજી



નાસીકરોડ ઘટક પ્રમુખ શ્રી કિરણભાઈ આર. ટાંકનું સન્માન



નાસીકરોડ મહિલા મંડળ પ્રમુખ શ્રી નિશાબેન. ટી. જેઠવાનું સન્માન



નાસીકરોડ યુવા મંડળ પ્રમુખ શ્રી જગદીશભાઈ એચ. ચૌહાણનું સન્માન



મહાસભા ઝોનલ પ્રમુખ શ્રી નટવરલાલભાઈ એચ. ચૌહાણનું સન્માન



અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન એન. ચૌહાણનું સન્માન



મનમાડ ઘટકના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ પી. ચૌહાણનું સન્માન



મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી નાસીક ઘટકના હોદ્દેદારશ્રીઓ સાથેની સમુહ તસવીર...



અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણ સાથે નાસીક મહિલા મંડળની સમુહ તસવીર...



નાસીક ઘટક પ્રમુખ શ્રી ઉત્તમભાઈ જે. રાઠોડનું સન્માન



નાસીક ઘટક દ્વારા મહાસભાના આદ. પ્રમુખશ્રીનું સન્માન



નાસીક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રશ્મીબેન યુ. રાઠોડનું સન્માન





મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકી નાસીક ઘટકના સમાજબંધુઓ સાથેની સમુહ તસવીર...

**સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)**

# મહાસભા ઘટકોના દ્વારે...

મહાસભા પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકીજીનો મુંબઈ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ઘટકોના પ્રવાસની તસવીરો...



મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકીજીની કલ્યાણ ઘટકના ભાઈઓ સાથેની સમુહ તસવીર...



કલ્યાણ ઘટક પ્રમુખ શ્રી ગોપાલભાઈ એમ. રાઠોડનું સન્માન



કલ્યાણ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મીતાબેન વી. ખોડિયારનું સન્માન



કલ્યાણ યુવા મંડળ પ્રમુખ શ્રી જૈનિલ આર. રાઠોડનું સન્માન



મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકીજીની કલ્યાણ મહિલા મંડળના બહેનો સાથેની સમુહ તસવીર...



મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકીજીની ભુસાવલ ઘટકના ભાઈઓ-બહેનો સાથેની સમુહ તસવીર...



ભુસાવલ ઘટકના પ્રમુખ શ્રી ગોપાલભાઈ કે. રાઠોડનું સન્માન



ભુસાવલ યુવા મંડળ પ્રમુખ શ્રી જગદીશભાઈ એમ. રાઠોડ તથા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી માયાબેન જે. રાઠોડનું સન્માન



ભુસાવલ ઘટક દ્વારા મહાસભાના હોદ્દેદારશ્રીઓનું સન્માન

સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)

# મહાસભા ઘટકોના દ્વારે...

મહાસભા પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકીજીનો
મુંબઈ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ઘટકોના પ્રવાસની તસવીરો...



મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ સોલંકીજીની નંદુરબાર ઘટકના ભાઈઓ-બહેનો સાથેની સમુહ તસવીર...



નંદુરબાર ઘટક પ્રમુખ શ્રી હેમરાજભાઈ ડી. સોલંકીનું સન્માન



નંદુરબાર મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મીનાબેન એસ. ચૌહાણનું સન્માન



નંદુરબાર યુવા મંડળ પ્રમુખ શ્રી ગૌરવભાઈ જે. પરમારનું સન્માન



ત્ર્યંબકેશ્વર જ્યોતિર્લિંગના દર્શનાર્થની સમુહ તસવીર...



સ્વ. જયરામભાઈ ચૌહાણ બિટકો મુક્તિધામના દર્શનની તસવીર



નાસીક ઘટકના વડીલ શ્રી દિલીપસિંહ અમરસિંહ રાઠોડનું સન્માન



અષ્ટવિનાયક ગણપતિબાપાના દર્શન



શ્રી હિરાલાલભાઈ ચૌહાણ બિટકો પરિવારનું સન્માન



માતૃશ્રી ભાનુમાના સુપુત્ર શ્રી જયેશભાઈ ચૌહાણ સાથેની તસવીર



સ્વ. માતૃશ્રી ભાનુમા - મુંબઈના પરિવારનું સન્માન



રાયબહાદુર સ્વ. જયરામભાઈ ચૌહાણને શ્રદ્ધાસુમન અર્પણ



માતૃશ્રી ભાનુમાના પરિવારના જયભાઈ તથા નારણભાઈ ચૌહાણનું સન્માન



સમાજપિતા શ્રદ્ધેય હિરજીબાપાના સુપુત્ર શ્રી ધરમશીભાઈ સાથેની તસવીર



ગોદાવરી નદી-નાસિકના કિનારે હોદ્દેદારો સાથેની સમુહ તસવીર



કોલ્હાપુર મધ્યે માતાજી મહાલક્ષ્મી મંદિરના દર્શન વેળાની તસવીર

સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)



# હાર્દિક અભિનંદન..!

## ડૉ. દિપશ્રી ચૌહાણ (ચાવડા)

અપાર ગર્વ અને અસિમ હર્ષ સાથે અમારી પ્રિય સુપુત્રી **ડૉ. દિપશ્રી ચૌહાણ (ચાવડા)**ને જી.ડી. ગોયેન્કા વિશ્વ વિદ્યાલયથી **કરવેરા કાયદો (Taxation Law)** થી **પી.એચડી.**ની ઉપાધી પ્રાપ્ત કરવા બદલ હાર્દિક શુભકામનાઓ... આ ગૌરવશાળી સફળતા તેમના અથાક પરિશ્રમ, અતુટ સંકલ્પ, વિદ્ધતા, શૈક્ષણિક ઉત્કૃષ્ટતા તથા જ્ઞાન પ્રાપ્તિ પ્રત્યે સમર્પણનું ઉજ્જવલ પ્રમાણ છે. તેમની આ સફળતા માત્ર અમારા પરિવાર માટે જ નહીં પરંતુ આવનારી પેઢીઓ માટે પ્રેરણા અને પ્રકાશસ્તંભ સમાન છે.

**:: દિવ્ય આશિર્વાદ ::**

પરદાદા – સ્વ. કલજીભાઇ વસ્તાભાઇ ચૌહાણ    પરદાદી – સ્વ. લક્ષ્મીબેન કલજીભાઇ ચૌહાણ
દાદા – સ્વ. લાલજીભાઇ કલજીભાઇ ચૌહાણ    દાદી – સ્વ. લીલાવતીબેન લાલજીભાઇ ચૌહાણ

**:: શુભેચ્છા આશિર્વાદ ::**

શ્રી ભુપેન્દ્રભાઇ લાલજીભાઇ ચૌહાણ – પિતા    શ્રીમતી લીનાબેન ભુપેન્દ્રભાઇ ચૌહાણ – માતા
શ્રી સિદ્ધાંત ચૌહાણ – ભાઇ
તરફથી અપાર સ્નેહ, ગર્વ તથા શુભકામનાઓ...

શ્રી ખુશાલભાઇ ચાવડા – શ્વસુરજી    શ્રીમતી યોગીતાબેન ખુશાલભાઇ ચાવડા – સાસુજી
એડવોકેટ શ્રી યશ ચાવડા – પતિ    શ્રી સુયશ ચાવડા – જેઠ
તરફથી ઉજ્જલ ભવિષ્યની શુભકામનાઓ...

**સમસ્ત ચૌહાણ અને ચાવડા પરિવાર તરફથી હાર્દિક શુભકામનાઓ...**

## શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા લક્ષ્ય સમિતિ પ્રેરિત, મુંબઇ ઘટક આયોજીત KGK Next Gen Business Growth Summit - 2026





સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)

## શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા લક્ષ્ય સમિતિ પ્રેરિત, મુંબઈ ઘટક આયોજીત KGK Next Gen Business Growth Summit - 2026 - Mumbai




સૌજન્ય : શ્રી રામ ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ – માધાપર (કચ્છ)



સૌજન્ય : શ્રી ગાયત્રી પેટ્રોલીયમ – ગાંધીધામ (કચ્છ)

## શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા લક્ષ્ય સમિતિ પ્રેરિત, મુંબઈ ઘટક આયોજીત KGK Next Gen Business Growth Summit - 2026







સૌજન્ય : શ્રી ગાયત્રી પેટ્રોલીયમ – ગાંધીધામ (કચ્છ)

## રાઠોડ પરિવારનું ગૌરવ

## હાર્દિક અભિનંદન









# ડૉ. ભાવિક રાઠોડ

(M.B.B.S.)

માં ચામુણ્ડા માતાજીની અસીમ કૃપા અને વડિલો ના આશિર્વાદ થી દુર્ગ નિવાસી અ.સૌ.સુનિતાબેન તથા શ્રી ગિરીશભાઈ ચિમનલાલભાઈ રાઠોડના સુપુત્ર ડૉ. ભાવિક ગિરીશભાઈ રાઠોડ એ શંકરાચાર્ય ઇંસ્ટિટ્યૂટ ઑફ મેડીકલ સાયન્સેસ, ભિલાઈ થી M.B.B.S. ની ડિગ્રી પ્રાપ્ત કરી રાઠોડ પરિવારનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... અને ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતીની શુભકામના સહ આશિર્વાદ...।

**શુભાશિષ**

દાદા-સ્વ.ચિમનભાઈ હરદાસ રાઠોડ
દાદી-ગં.સ્વ.ચંપાબેન ચિમનભાઈ રાઠોડ
મોટા પાપા-શ્રી નરેન્દ્રભાઈ ચિમનભાઈ રાઠોડ
મોટા મમ્મી-શ્રીમતી ઈલાબેન નરેન્દ્રભાઈ રાઠોડ

**શુભેચ્છુક**

પિતા-શ્રી ગિરીશભાઈ ચિમનભાઈ રાઠોડ
મમ્મી-શ્રીમતી સુનિતાબેન ગિરીશભાઈ રાઠોડ
કાકા-શ્રી મુકેશભાઈ ચિમનભાઈ રાઠોડ
બેન-મિલી ગિરીશભાઈ રાઠોડ
ફઈ-ગં.સ્વ.રમિલાબેન પ્રશાંતભાઈ રાઠોડ
ફઈ-ગં.સ્વ.હિનાબેન જગદીશભાઈ ટાંક
તથા સમસ્ત રાઠોડ પરિવાર

પતા : ગજાનન મંદિરની પાસે, ગજાનન નગર, દુર્ગ (છ.ગ.)

## રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



# Rahul Rathore

| | |
|---|---|
| **Father** | **: Kaushal Rathore** |
| **Mother** | **: Laxmi Rathore** |
| Date of Birth | : 05-02-1991 |
| Time | : 11.30 pm |
| Place | : Raipur (C.G.) |
| Mataji | : Kumbhariya - Chamunda Maa |
| Gotra | : Kashyap |
| Complexion | : Wheatish |
| Height | : 5'11" |
| Education | : B.A. Pursuing |
| Job | : Government Job. Abaakari Rakshak at Exise Department Bhilwara, Govt. of Rajasthan |
| **Brother** | **: 1 Married** |
| **Sister** | **: 1 Married** |
| **Mosad** | **: Leeladhar Taunk - Anjar** |
| Address | : Kutchi ka Bag, Srinagar Road, Madar, Chungi, Ajmer |
| **Contact No.** | **: 7698659871** |
| | **: 9214955211** |

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ - અંજાર વિશ્રાંતિ ભવન-૨ લોકાર્પણ સમારોહની તસવીરો



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ - અંજાર વિશ્રાંતિ ભવન-૨ લોકાર્પણ સમારોહની તસવીરો



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ - અંજાર વિશ્રાંતિ ભવન-૨ લોકાર્પણ સમારોહની તસવીરો



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ - અંજાર વિશ્રાંતિ ભવન-૨ લોકાર્પણ સમારોહની તસવીરો



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ અંજારનું ગૌરવ

## હાર્દિક અભિનંદન



**શ્રી સુરેશભાઈ એ. ટાંક**
કોષાધ્યક્ષ
કચ્છ જિલ્લા ભાજપ



**શ્રી ગિરીશભાઈ એમ. પરમાર**
દંડક, અંજાર નગરપાલિકા
ડાયરેક્ટર એ.પી.એમ.સી.



**શ્રીમતી કુંદનબેન એમ. જેઠવા**
ચેરમેન, લાયબ્રેરી કમિટિ
અંજાર નગરપાલિકા



**શ્રીમતી મમતાબેન એચ. વેગડ**
નગર સેવક,
અંજાર નગરપાલિકા

:: શુભેચ્છક ::

**શ્રી પ્રતિકભાઈ દિનેશભાઈ ટાંક**
(પ્રમુખશ્રી, અંજાર યુવા મંડળ)

**શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર**
(પ્રમુખશ્રી, અંજાર ઘટક)

**સવિતાબેન જયંતિલાલ ચૌહાણ**
(પ્રમુખશ્રી, અંજાર મહિલા મંડળ)

**તથા સમસ્ત હોદ્દેદારો અને અંજાર ઘટકના સર્વે સમાજબંધુઓ તરફથી હાર્દિક શુભકામનાઓ...**

## પરિવાર ગૌરવ
## સમાજ ગૌરવ

અમારી સુપુત્રી ચિ. અનવી ટાંક
Rrajendra Institute of Medical Science
(RIMS) રાંચી થી પ્રથમ શ્રેણીમાં,
BDS (Bechelor of Dental Surgery)
ની ડીગ્રી પ્રાપ્ત કરી છે.

ડૉ. અનવી ટાંક (ખંભરા નિવાસી, હાલ ધનબાદ, ઝારખંડ) ઝળહળતી સફળ કારકિર્દી મેળવીને પોતાના માતા-પિતાનું તથા સમસ્ત શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજનું ગૌરવ વધાર્યું છે. તેની આ સફળતામાં પોતાની મેહનત, સમાજનો આર્થિક સહયોગ (શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ટ્રસ્ટ, ધનબાદ, અભિલાષા સમિતી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ, મહાસભા, શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર) તથા આપ સૌના આશીર્વાદનો મહત્વનો ભાગ રહ્યો છે. તેથી આપ સૌનો આભાર.

ડૉ. અનવી પોતાની કારકિર્દીના કર્તવ્ય પથ પર સફળતા પૂર્વક આગળ વધે એવા અમારા અંતઃકરણ પૂર્વક શુભાશીર્વાદ.

## ગૌરવશાળી પરિવાર

સ્વ. કિશોરભાઈ દેવરામ ટાંક (દાદા)
સ્વ. લીલાવંતીબેન કિશોર ટાંક (દાદી)

દિપક કિશોર ટાંક (પિતા)
રીતા ટાંક (માતા)
સંજય કિશોર ટાંક (કાકા)
દીપા ટાંક (કાકી)
મોહક સંજય ટાંક (ભાઈ)
નમન દિપક ટાંક (ભાઈ)
કાનવ સંજય ટાંક (ભાઈ)

શ્રી મોહનલાલભાઈ પ્રાગજી વરૂ (નાના)
સ્વ. પ્રેમીલાબેન મોહનલાલ વરૂ (નાની)

હેમંતભાઈ મોહનલાલ વરૂ (મામા)
હર્ષાબેન હેમંત વરૂ (મામી)





**LIC**
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

कुछ लोग कहते है कि बीमा कंपनी मौत एवं बीमारी का डर दिखा कर बीमा बेचते है, क्या सच में ऐसा है? सोंचिये सोंचिये?
कोई आपको सीटबेल्ट लगाने की सलाह देते हैं, यानी आपको सुरक्षित रहने की सलाह देता है, मौत बीमारी और दुर्घटना जीवन की सच्चाई है ।
बीमा जिम्मेदारी निभाने के लिए होता है। अपने जरूरत के हिसाब से बीमा लेने के लिए संपर्क करे।



અમારા પૂર્વજ રામેશ્વરમ Pambam બ્રિજ અને રેલ્વેમાં બ્રિટિશ કાળમાં અનેક કામ કર્યા છે. વરજાંગ હિરજી મારા પટેલના દાદા પરિવારથી છે. મનજી ડાયા વેગડ અને લાખા દેવજી વેગડ મારા મમ્મીના દાદા પરિવારથી છે.

21 वर्ष का अनुभव प्राप्त, ईंटनेशनल ट्रेनिंग प्राप्त
**બી.કે. ચાવડા (M.com.,LL.b.)**
श्री कच्छ गुर्जर क्षत्रिय समाज, रायपुर से सम्मानित
Timber Market, Fafadih, Raipur (C.G.) 93033-26127


ॐ सरस्वत्यै नमः **उच्च शिक्षा हेतु सहायता** ॐ सरस्वत्यै नमः

# उच्च शिक्षा हेतु सहायता

**विद्यार्थी भवन ट्रस्ट, रायपुर द्वारा उपयोगी सूचना एवं निवेदन**

उपरोक्त ट्रस्ट द्वारा विगत कई वर्षो से अखिल भारतीय क.गु.क्ष. समाज बंधुओ के 12th में उर्त्तीण छात्रों को उच्च शिक्षा हेतु (MBBS, BE, B.Tech, Ayurvedic & Homeopathic Degree Courses, Diploma, Engg., M.B.A., BBA, CA, CS, Hotel Management, Tourism & Higher Courses, LLB etc.) सहायता दी जा रही है।

महत्वपुर्ण विषय है कि यह सहायता प्राप्त करने वाले कुछ विद्यार्थीयों ने उज्जवल भविष्य का निर्माण करके शिक्षा सहायता से प्राप्त राशि पुनः इस ट्रस्ट को वापस प्रतिदान के रुप में लौटा दी है, यही अपेक्षा आप से भी है ।

**उपरोक्त विद्यार्थी भवन ट्रस्ट, रायपुर से छात्रवृत्ति सहायता प्राप्त करने हेतु नियम :-**

1 आवेदन पत्र (Application Form) व्हाटसएप से निम्न सुत्रों से बुलवाए एवं प्रिंट निकालकर सभी जानकारीयां सावधानी पूर्वक भरें, अन्यथा आवेदन फार्म अमान्य (Reject) हो जाएगा (यह आवेदन पत्र **28-02-2027** तक भेज दें)
2 पिछले एग्जाम को पास करने की मार्कशीट की कॉपी संलग्न करें ।
3 वर्तमान सत्र (1st April to 31st March) की संबंधित कॉलेज में जमा की गई Tuition Fee की रसीद की कॉपी संलग्न करें (पुराने सत्र की रसीद एवं हॉस्टल फीस की रसीद अमान्य होगी)

**संचालिका महोदया :-**
**डॉ. श्रीमती वंदनाबेन अजयभाई चौहान**
B.E. (Electronics) ME (Environmental), M.Tech (Instrumentation), PHD
C/o. अजय कुमार चौहान, गुलमोहर वाटिका B3 के सामने, महावीर नगर, न्यु पुरैना,
रायपुर-492001 (छ.ग.) मोबो.: 98939-06401, E-mail : vandanachouhan2212@gmail.com
अथवा / OR
**अध्यक्ष - श्री भरतभाई सांवरिया**, रायपुर (छ.ग.)
मोबो.: 93018-25240

# પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. શિવજીભાઈ વીરાભાઈ ચૌહાણ

| જન્મ | સ્વર્ગવાસ |
|---|---|
| ૨૨-૦૮-૧૯૩૬ | ૦૮-૦૭-૨૦૨૧ |

**મૂળ ગામ : નાગોર, હાલ મુકામ : નાગપુર (મહારાષ્ટ્ર)**

न जायते म्रियते वा कदाचि- न्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो- न हन्यते हन्यमाने शरीरे ॥

શ્રદ્ધાંજલિ માટે શબ્દો ઓછા પડે છે, પુષ્પાંજલિ માટે પુષ્પો ઓછા પડે છે, હરદમ તમારો હોવાનો આભાસ રહ્યા કરે, ક્યારેક કહેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે, યાદમાં સતત આપના દર્શન થયા કરે, દરેક કાર્યોમાં આપના આશીર્વાદના અહેસાસ થયા કરે છે.
પ્રભુ આપની દિવ્ય આત્માને શાંતિ આપે એજ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ...

**:: આપના પરિવારજનો ::**

સ્વ. સુશિલાબેન શિવજીભાઈ ચૌહાણ (નાગપુર) - ધર્મપત્ની
પ્રતિમાબેન ભરતભાઈ મારૂ (બિલાસપુર) - દીકરી-જમાઈ
નીતાબેન દિનેશભાઈ રાઠોડ (રાયપુર) - દીકરી-જમાઈ
સ્વ. છાયાબેન દિનેશભાઈ પરમાર (પરલી) - દીકરી-જમાઈ
ઈન્દિરાબેન પ્રશાંતભાઈ ચૌહાણ (નાગપુર) - પુત્રવધુ-પુત્ર
રીતાબેન સ્વ. સંદિપભાઈ ચૌહાણ (પુણે) - દીકરી-જમાઈ

વિનિત
યથાર્થ પ્રશાંતભાઈ ચૌહાણ (નાગપુર) - પૌત્ર

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. મહેશભાઈ નારાણભાઈ જેઠવા

સ્વ. તા. ૨૮/૦૫/૨૦૨૫
ગામ : મોટી નાગલપર, તા. અંજાર

**પરિવારની છત્રછાયા સમાન મોભી અને પરિવારને સુ-સંસ્કાર સિંચન કરનાર એવા પિતાશ્રીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ...**

આપનો લાગણીશીલ સ્વભાવ, હસમુખો ચહેરો અમારાથી ક્યારેય ભૂલાશે નહીં. તમારા સ્નેહ-વાત્સલ્ય એવં સંસ્કાર અને કુટુંબ પ્રત્યનો પ્રેમ સદા અમારા હૃદયમાં રહેશે... જીવન એવું જીવ્યા તમે, તમને જોઈ શીખ્યા અમે, તમારા ઉચ્ચ વિચાર, ધર્મભાવના, મિલનસાર સ્વભાવ અમને સૌને પ્રેરણા આપતા રહેશે.
પરમકૃપાળુ ભગવાન શ્રી કૃષ્ણ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| ગં.સ્વ. સુજાતાબેન મહેશભાઈ જેઠવા | (પત્ની) |
| રિધ્ધી રાજા (વિકી) જેઠવા | (પુત્રવધુ-પુત્ર) |
| સોનલ અમિત જેઠવા | (પુત્રવધુ-પુત્ર) |
| કવિતા શૈલેષકુમાર વરૂ - આણંદ | (પુત્રી-જમાઈ) |
| સૌમ્ય, ક્રિષ્ના, રૂહિ | (પૌત્ર-પૌત્રી) |
| દિવ્યેશ, હર | (દોહિત્ર) |

**સમસ્ત જેઠવા પરિવારના જય રામદેવજી**

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

|| જય શ્રી સ્વામિનારાયણ ||



## સ્વ. મુક્તાબેન કૃષ્ણચંદ્ર મકવાણા

| જન્મ | સ્વર્ગવાસ |
|---|---|
| ૨૦-૦૧-૧૯૫૦ | ૨૫-૦૭-૨૦૨૫ |

**મુળ ગામ : અંજાર, હાલ મુકામ : રાજકોટ**

જીવન એવું જીવી ગયા જોનારા સદા જોતા રહે, કર્મ એવા કર્યા સૌના હૃદયમાં ગુંજ્યા કરે, હસ્તો ચહેરો રાખી લીધી વિદાય, તમારી અકલ્પનિય વિદાય કાળજુ કંપાવી ગઈ, હમણાં જ હતા નજર સમક્ષ તમે, પાંપણના પલકારે સ્વર્ગે સીધાવ્યા તમે, ધર્મ કદી ભૂલ્યા નહીં તમે, સૌના હૃદયમાં વસતા રહ્યા તમે, ચંદન જેવું જીવન જીવી ને સુગંધ સહુને આપી ગયા તમે, ખુદ ઘસાઈને ફોરમ થઇ પ્રસરી ગયા તમે..., સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન આપના દિવ્ય આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે એજ એમના શ્રીચરણોમાં પ્રાર્થના... જય શ્રી સ્વામિનારાયણ....

**:: આપના પરિવારજનો ::**

| | |
|---|---|
| સ્વ. લીલાવંતીબેન દેવજીભાઈ પરમાર (નાગપુર) | (માતા-પિતા) |
| સ્વ. કૃષ્ણચંદ્ર ઓધવજી મકવાણા | (પતિ) |
| હિતેષભાઈ દેવજીભાઈ પરમાર | (ભાઈ) |
| મેઘલ ચેતન પરમાર | (દીકરી-જમાઈ) |
| રિકિતા ધવલ મકવાણા | (દીકરી-જમાઈ) |
| પ્રિયાંશ ચેતન પરમાર | (દોહિત્ર) |
| આરવ ધવલ મકવાણા | (દોહિત્ર) |
| મિસ્ટી ધવલ મકવાણા | (દોહિત્રી) |

**તથા પરમાર અને મકવાણા પરિવાર**

# પ્રથમ પુણ્યતિથી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલી



## સ્વ.જીગ્નાબેન લોકેન્દ્રભાઈ ચાવડા

**જન્મ તારીખ** 13.01.1975 **અવસાન તારીખ** 29.07.2025

નમ છે આંખલડી તો શું કામ ની પૂનમ
કેવી લીધી ચીર વિદાય તમે,
કયા વેગ સાથે વરસ વીત્યો પણ
યાદ તમારી આજે પણ વરસે છે.

મુળ ગામ – ચંદિયા, હા.મુ. – રાજનાંદગાંવ (છ.ગ.)

| | |
|---|---|
| રમેશભાઈ માવજીભાઈ ચાવડા | (સસરા) |
| રેખાબેન રમેશભાઈ ચાવડા | (સાસુ) |
| લોકેન્દ્રભાઈ રમેશભાઈ ચાવડા | (પતિ) |
| કિંચિત લોકેન્દ્રભાઈ ચાવડા | (પુત્ર) |
| પેયલબેન સુમીતભાઈ ચાવડા | (દિકરી) |
| સુમીતભાઈ હરીશભાઈ ચાવડા | (જમાઈ) |
| મયંકભાઈ રમેશભાઈ ચાવડા | (દેર) |
| મીનલબેન મયંકભાઈ ચાવડા | (દેરાણી) |
| ચિન્મય મયંકભાઈ ચાવડા | (ભત્રિજો) |
| ગં. સ્વ. જ્યોત્સનાબેન રમેશભાઈ ચૌહાણ | (માતુશ્રી) |
| વિપુલભાઈ રમેશભાઈ ચૌહાણ | (ભાઈ) |
| અવનીબેન વિપુલભાઈ ચૌહાણ | (ભાભી) |
| બીનાબેન ઉપેન્દ્રભાઈ પરમાર | (બેન) |

**સમસ્ત ચાવડા તથા ચૌહાણ પરિવાર**
**રાજનાંદગાંવ અને વડોદરા**

૧૪૯,અનુપમ નગર,બસંતપુર રોડ,વાર્ડ નં. ૨૨,રાજનાંદગાંવ (છ.ગ.)
Contect No.
9406324197, 7987282939, 6266787698

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. વિજયભાઈ કેશવજીભાઈ યાદવ

| જન્મ | સ્વર્ગવાસ |
|---|---|
| ૨૩-૦૫-૧૯૪૫ | ૨૯-૦૭-૨૦૨૫ |

**મુળ ગામ : હાજાપર, હાલ મુકામ : પુણે (મહારાષ્ટ્ર)**

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારૂતઃ ।।

અંજલી માટે શબ્દો ઓછા પડે છે, પુષ્પાંજલી માટે પુષ્પો ઓછા પડે છે, આંખો હજુ નિહાળે છે, અંતર હજુ પોકારે છે. આપનું અસ્તિત્વ આજે અમારી વચ્ચે નથી પરંતુ આપશ્રીનો કુટુંબ પ્રત્યેનો પ્રેમ અને સ્નેહીઓ પ્રત્યેનો સ્નેહ હંમેશા હૈયે રહેશે. વૈકુંઠધામથી તેડું આવ્યું, આકાશ માટે વિલીન થયું, ઉમંગો અને આશાઓ હતી, પંચભુતમાં બધું સમાઈ ગયું, કર્મઠ જીવન શાંત થયું. દરેક પ્રસંગે આવશે અમોને તમારી યાદ. પ્રભુ પાસે ન ચાલ્યું કોઈનું જોર, તમે ચાલ્યા સ્વર્ગની ઓર. પરમપિતા પરમેશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ...

આજે પણ છે બધું મારી પાસે બસ એજ નથી... એમના સાથે
હસવું સારૂ લાગતું હતું, આજ એની યાદોંમાં રોવું પડે છે....
કિસ્મત અજીબ રમત રમાડે છે,
જેમને દિલથી ચાહો એને જ બધેથી દૂર કરી દે છે.

અરૂણા

**:: આપના પરિવારજનો ::**

| | |
|---|---|
| ગં.સ્વ. અરૂણાબેન વિજયભાઈ યાદવ | પત્ની |
| જયેશભાઈ વિજયભાઈ યાદવ | પુત્ર |
| મનોજભાઈ વિજયભાઈ યાદવ | પુત્ર |
| સંખ્યાબેન જયેશભાઈ યાદવ | પુત્રવધુ |
| સેજલબેન મનોજભાઈ યાદવ | પુત્રવધુ |

**:: આપની ફુલવાડીના પુષ્પો ::**

ઈશિતા જયેશભાઈ યાદવ

ઈશાન જયેશભાઈ યાદવ

**તથા સમસ્ત યાદવ પરિવાર**


આપણા સમાજના સર્વે ભાઈઓ અને બહેનો માટે

**સુવર્ણ તક**

ભગવાન શ્રીમહાકાલની નગરી અને ભવ્ય તીર્થસ્થળ ઉજ્જૈન પધારતા દરેક સમાજજનો માટે અમારી હોટેલમાં

**ખાસ ૨૦% ડિસ્કાઉન્ટ**

ની સુવિધા ઉપલબ્ધ છે.
આ પાવન અવસરનો લાભ લઈ અમને સેવાનો અવસર આપશો.

**HOTEL Shrimmaya GROUP UJJAIN**

Freeganj, Ujjain (M.P.) ☎ 0734 2514402 +91 79998 90676
Email : shrimmaya@outlook.com www.shrimmaya.com

**અન્ય વિશેષ સેવાઓ**

- દરેક પ્રકારની પૂજા-પાઠ
- મંગલ દોષ નિવારણ પૂજા / કાલસર્પ દોષ પૂજા
- ભસ્મ આરતી તથા અભિષેક દર્શન
- ઉજ્જૈન દર્શનની સુવિધા પણ ઉપલબ્ધ

ભગવાન શ્રીમહાકાલની કૃપા સર્વે પર વરસતી રહે









**Shrimm Tours & Travels**

- International & Domestic Packages
- Flight, Cruise & All Ticketing
- MICE & Foreign Education
- All Country VISA & Forex

+91 99933 60753 ☎ 0734 42530174
www.shrimmaya.com Email : travels.mp@shrimmaya.com


Surbhi Uniforms
Mundra's first professional uniform manufacturer catering to all types of industrial, corporate, school and hospitality uniforms with precision and quality.
HARI GADHVI
+91-88499 50576
Email : info@surbhiuniforms.com
Web : www.surbhiuniforms.com
Surbhi uniforms
Surbhi Hotel
A legacy of serving with the highest regard for quality and comfort since 2007. Offering luxury with convenience, Hotel Surbhi is Mundra's premier choice for business and leisure stays.
Hotel Surbhi™
The Relief Home
HOTEL SURBHI
+91-99796 70996
Email : info@hotelsurbhi.com
Web : www.hotelsurbhi.com
Saarvin Custom Clearance
Licensed custom's broker at Mundra port facilitating smooth and hassle free import and export cargo operations.
NIGAM CHAVDA
+91-99208 43135
Email : saarvincc@gmail.com
SAARVIN
CUSTOM CLEARANCE
Gayatri estate
Gayatri Estate
Your Real Estate Dreams, Under One Roof. With a legacy since 1998, Gayatri Estate is Mundra's premier real estate developer and realtor. From residential projects to commercial spaces, we deliver trust, transparency, and timeless value.
NISHANT CHAVDA
+91-81419 06635
SURBHI GROUP OF COMPANIES
B.D. CHAVDA & FAMILY - MUNDRA KUTCH



# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અભિલાષા-૫

**II શિક્ષણ દાન એજ મહાદાન II**

શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

જય સમાજ... જય સીયારામ... જય દ્વારકાધિશ...

આપણા સૌના વંદનિય ઇષ્ટદેવ... રાજાધિરાજ દ્વારકાધિશ ભગવાન શ્રી કૃષ્ણના સાનિધ્યમાં મહાસભાની અર્ધવાર્ષિક બેઠક, સગપણ સંમેલન અને અખિલ ભારતીય મહિલા મહામંડળની સંસ્કાર શિબિર રૂપી ત્રિવેણી સંગમનું આયોજન થયું. ટીમ ઓખા મંડળ ટ્રસ્ટ તથા દ્વારકા, મીઠાપુર, ઓખાના સમાજબાંધવાની ઉત્કૃષ્ટ સમાજભાવનાને નમન... વંદન...આ પ્રસંગ મહાસભા અભિલાષા સમિતિ માટે એટલે યાદગાર બની રહ્યો કે સમાજના આર્થિક રીતે નબળા છાત્રોને શિક્ષણ સહાય આપવાના શુભ હેતુથી મહાસભા અભિલાષા સમિતિની પડખે હંમેશા ઉભા રહી સપોર્ટ કરતા ત્રણ દાતાશ્રીઓએ મહત્વપૂર્ણ દાનની જાહેરાત કરી હતી.



**'ડીઝલકીંગ' શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ – ગાંધીધામ**નું નામ આવે એટલે એક ઉદારદીલ દાતાશ્રી અને મહાસભા ઉપપ્રમુખશ્રી રૂપી વ્યક્તિત્વની છબી આપણી સામે આવે. અભિલાષાના સ્થાયી ફંડ માટે અગાઉ **રૂા. ૬,૦૦,૦૦૦**નું દાન આપી ચુકેલા અને પ્રસંગોપાત દાન આપતા **શ્રી મનોજભાઇ વેગડ સાહેબ તરફથી દ્વારકાધિશના સાનિધ્યમાં રૂા. ૧,૫૦,૦૦૦/– (એક લાખ પચાસ હજાર)નો ચેક અર્પણ કરવામાં આવ્યો.** દાતાશ્રીનો ખુબ ખુબ આભાર... જય ગુરૂદેવ...



આ ક્રમમાં મહાસભાના ઉપપ્રમુખ અને આ સમિતિના અનમોલ દાતા **શ્રી અનિલભાઇ જીવરામભાઇ ચૌહાણ – કુમ્હારી** તરફથી સમાજના જરૂરતમંદ છાત્રોની શિક્ષણ સહાય માટે પ્રતિમાસ **રૂા. ૫,૦૦૦** ના શિક્ષણ દાનની જાહેરાત કરવામાં આવી. અગાઉ પણ આ સમિતિને નોંધપાત્ર દાન આપનાર દાતાશ્રી અનિલભાઇ ચૌહાણનો આ સમિતિ ખુબ ખુબ આભાર માને છે.



અધિવેશનોના ''આઇસક્રીમ વાલે ચાચા'' તરીકે સૌનો પ્રેમ જીતનાર મહાસભાના ઉપપ્રમુખ અને આપણા સમાજનું વિરલ વ્યક્તિત્વ **શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા – હૈદ્રાબાદ** પણ હંમેશા આ સમિતિને પ્રોત્સાહન આપે છે. અનમોલ દાતાશ્રી તરીકે તેઓશ્રીએ પણ સમાજના આર્થિક રીતે નબળા છાત્રોની શિક્ષણ સહાય માટે **રૂા. ૨૧,૦૦૦** ના દાનની જાહેરાત કરેલ છે. આદ. શ્રી સુનિલભાઇનો પણ આ સમિતિ હાર્દિક આભાર માને છે.

અંતમાં... સમાજના આર્થિક રીતે નબળા છાત્રોને મદદરૂપ બનવા વ્યક્તિગત રૂપે પણ પ્રયાસો કરતા શિક્ષણ પ્રેમીઓમાંના એક... હાજાપર ઘટકના પ્રમુખ અને મુંબઇ ઘટકના પૂર્વ પ્રમુખ **શ્રી નવિનભાઇ ચાદવે** દાતાશ્રીઓ પાસેથી મેળવીને એક છાત્રની સહાય બાદ વધેલી રકમ **રૂા. ૧૦,૦૦૦** આ સમિતિને અર્પણ કરી એક ઉમદા અને પ્રેક્ષણિય ઉદાહરણ પુરૂં પાડેલ છે. જય હાજાપર... જય સમાજ...

**તમામ દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર... તેઓશ્રી પાસેથી પ્રેરણા લઇ અન્ય શિક્ષણ પ્રેમી દાતાશ્રીઓ આગળ આવે... આ સમિતિ પાસેથી સહાય લઇ જીવનમાં પગભર થનારા પૂર્વ છાત્રો પણ દાન આપે તેવી સમાજહિતની અપેક્ષા સાથે જય સમાજ...**

વિનોદ લીલાધર ચૌહાણ - ઉપપ્રમુખ અને પ્રભારી



### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**

**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ**  **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઈ ટાંક - રાયપુર**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪

જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વયં રોજગાર તરફ પ્રેરિત કરીને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ સાથે "Learn & Earn" અંતર્ગત ૨૬મો પ્રોજેક્ટ 'ગૌરક્ષમ્' (અધિક માસ સ્પેશ્યલ) તા. ૦૯-૦૬-૨૦૨૬ના રોજે બહેનોની બહોળી ઉપસ્થિતિમાં મહાકૌશલ પ્રાદેશિક અંતર્ગત આવતા જબલપુર ઘટકના શ્રીમતી રશ્મિબેન પરમાર દ્વારા ઓનલાઇન લેવામાં આવેલ.

શ્રીમતી રશ્મિબેન નિતેશભાઇ પરમાર એ જબલપુર નિવાસી શ્રીમતી વનિતાબેન પ્રાગજીભાઇ પરમાર (હાજાપર)ના પુત્રવધુ તથા શ્રીમતી પુષ્પાબેન ધીરજલાલભાઇ સોલંકી (વીડી) દુર્ગના સુપુત્રી છે. તેમને બી.એસ.સી.બી.એડ. ની ડીગ્રી લીધેલ છે. આ પહેલા રશ્મિબેન ત્રણ પ્રોજેક્ટ લઇ ચુક્યા છે. માટીના વાસણમાં રસોઇ, આરોગ્યમ્ - હેલ્દી આયુર્વેદિક જ્યુસેસ અને Awakening Against Adulteration આવા ખુબજ ઉપયોગી-લાભદાયક જનજાગૃતી વાળા પ્રોજેક્ટ સફળતાપૂર્વક લીધેલ છે.

શ્રીમતી રશ્મિબેન કહે છે કે અધિક પુરૂષોત્તમ માસના પાવન કાળમાં 'ગૌરક્ષણમ્' ગાયની રક્ષા કરવી, ગાયની સેવા કરવી એ આપણું કર્તવ્ય છે સાથે આજના સમયની જરૂરત પણ છે. આ વર્કશોપમાં ગૌમય દીવા, ગૌમય ધુપબત્તી, ગૌમય મચ્છર ધૂપબત્તી, ફ્લોર ક્લીનર, ફીનાઇલ, પંચગવ્ય સાબુ, પંચગવ્યથી બનાવેલ ગોનેલ, મોબાઇલ ચિપ, સાંખરાની કપ, આ બધી આપણા ઘરમાં રોજ વપરાતી જરૂરી વસ્તુઓમાં કપૂર, તુલસી, નીમપત્તિ, ચંદન પાવડર, ગુગલ કેવી રીતે - કેટલા પ્રમાણમાં લેવી, કેમ મિક્સ કરવું ખુબજ સરળતાથી વિસ્તારપૂર્વક બતાવેલ. જેથી આપણે માર્કેટથી લાવેલ મિલાવટી વસ્તુઓ અને ખર્ચથી બચી શકાય. ગૌમાતાની ઉપયોગીતા ફક્ત દુધ માટે જ સીમિત નથી. તેનું ગોબર અને ગૌમુત્ર કેટલું ઉપયોગી છે તે સમજાવ્યું હતું. જેમને રૂચી છે તે જરૂરથી આ વસ્તુઓ ઘરે બનાવી શકે છે. ઓર્ડર લઇને વેચાણ કરી શકાય છે. ગોબરના પ્રયોગથી વાસ્તુદોષ દૂર થાય છે. રાષ્ટ્રિય કામધેનુ આયોગ કવચ બનાવાય છે. ૬૦% મોબાઇલ રેડિએશન દૂર કરવામાં મદદ કરે છે. આપણા પૂર્વજ સકારાત્મક જડીબુટ્ટીથી ધુની ચિકિત્સા કરતા પણ આજે મિલાવટ ધુપબત્તીથી આપણા શરીરને અને સ્વાસ્થ્યને નુકસાન થાય છે. જ્યાં સુધી ગૌમાતા સુરક્ષિત છે, આપણે પણ સુરક્ષિત છીએ. ગાયના ગોબરમાં લક્ષ્મીજીનો વાસ છે અને ગૌમુત્રમાં ગંગાજીનો વાસ છે. પંચગવ્ય સાબુન ચામડીના રોગ ઠીક કરે છે. ગોબરના રાખથી વાસણ માંજી શકાય છે. ગાયના તાજા ગોબરમાં ૨૩%, સુખા છાણામાં ૨૭% ઓક્સીજન હોય છે. બજારમાં મળતા ફીનાઇલમાં કાર્બોલીક એસીડ હોય છે. ગૌમુત્રથી બનાવેલ ફીનાઇલ અસરકારક અને સુરક્ષિત હોય છે. આ બધીજ વસ્તુઓ આજના સમયમાં ખુબજ લાભદાયી છે.




શ્રીમતી રશ્મિબેન કહે છે કે મહિલા ઉત્કર્ષ સમિતિનું કાર્ય ખુબજ સરાહનીય છે. જે વિવિધ વિષયોના વર્કશોપ લાવીને જ્ઞાનવર્ધન કરે છે. મહિલા ઉત્કર્ષ સમિતિના માધ્યમથી મને ગૌમાતાની ઉપયોગીતા, ગૌમય પ્રોડક્ટ શિખાડવાનો સુઅવસર મળ્યો તેને માટે પ્રભારી શ્રીમતી મીતાબેન તથા સમસ્ત ટીમને ખુબ ખુબ ધન્યવાદ પાઠવું છું. ભવિષ્યમાં પણ જરૂરથી જોડાઇશ એવી સહિચ્છા વ્યક્ત કરૂં છું.

મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ શ્રીમતી રશ્મિબેન જેવા રોજીંદા જીવનમાં મહત્વપૂર્ણ વિષયો પર જ્ઞાન ધરાવતા, પ્રાચીન આયુર્વેદીક ઔષધીય પ્લાન્ટ્સના જાણકાર, મેઘાવી નિષ્ણાંત, કર્મઠ, ખુબજ પ્રેમાળ, લાગણીશીલ, સમાજસેવાની ભાવનામાં સમર્પિત વ્યક્તિત્વ ધરાવતા, પાવન પુરૂષોત્તમ માસમાં ગાયપૂજન વિધિ પર વિશેષ ધ્યાન દોરતા બહુ ઉપયોગી ''ગૌરક્ષમ્' જનજાગૃતિનો ખુબજ સુંદર પ્રોજેક્ટ માટે હૃદયથી સેલ્યુટ આપી... શબ્દસુમનોથી બિરદાવી, હાર્દિક અભિનંદન આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ ધન્યવાદ આપે છે.

- અધ્યક્ષા - શ્રીમતી મીતાબેન રાઠોડ - લાતુર

## અદ્વિતીય, અદ્ભૂત અને અવિસ્મરણીય...

# દેવભૂમિ દ્વારકા : મહિલા સંસ્કાર શિબિર, અર્ધવાર્ષિક સંમેલન અને સગપણ સંમેલન



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા દ્વારા દેવભૂમિ દ્વારકા ખાતે ભારતીય સંસ્કૃતિના ચાર ધામ પૈકીના એક પવિત્ર ધામમાં મહિલા સંસ્કાર શિબિર, અર્ધવાર્ષિક સંમેલન તથા સગપણ સંમેલન – આ ત્રણેય પ્રસંગોના ત્રિવેણી સંગમરૂપે એક ભવ્ય જ્ઞાતિ ગંગાના કુંભમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતભરમાંથી મોટી સંખ્યામાં સમાજબંધુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જૂન માસની ગરમી, પુરુષોત્તમ માસ નિમિત્તે દ્વારકામાં ઉમટેલા શ્રદ્ધાળુઓના ઘોડાપૂર અને રહેઠાણ-વ્યવસ્થાની ચિંતાઓ વચ્ચે પણ આયોજન ધારણા કરતાં વધુ સફળ રહ્યું. ત્રણેય કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં સમાજજનોએ ઉપસ્થિતિ નોંધાવી અને તમામ કાર્યક્રમો ખૂબ જ સુચારૂ અને સફળતાપૂર્વક સંપન્ન થયા.

શ્રી ગુજરાત પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ઓખા મંડળ ટ્રસ્ટના સૌજન્યપૂર્ણ આમંત્રણને માન આપી દેવભૂમિ દ્વારકા સ્થિત કચ્છી સમાજ ભવનમાં સમગ્ર અધિવેશનનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા ત્રણેય દિવસ માટે સમાજવાડી નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ઉપરાંત ત્રણેય દિવસના ભોજનની સંપૂર્ણ જવાબદારી સંભાળી સ્વાદિષ્ટ અને ઉત્તમ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સમગ્ર દ્વારકામાં આવેલી ૧૫૦થી વધુ સમાજવાડીઓમાં કચ્છી સમાજ ભવન તેની સ્વચ્છતા, વ્યવસ્થિતતા અને ઉત્તમ જાળવણી માટે વિશેષ ઓળખ ધરાવે છે. વિવિધ સમાજોની પ્રથમ પસંદગી તરીકે તેનું સ્થાન ગૌરવની બાબત છે. ટ્રસ્ટના પ્રમુખ આદરણીય શ્રી મહેશભાઈ ટાંક, ઉપપ્રમુખશ્રીઓ શ્રી ભગવાનજીભાઈ ટાંક તથા શ્રી પ્રવીણભાઈ ચૌહાણ, સમગ્ર ટ્રસ્ટીગણ, સભ્યો તેમજ ઓખા, મીઠાપુર અને દ્વારકા ઘટકના કાર્યકરો અને તમામ સમાજ બંધુઓના સંયુક્ત પ્રયાસોથી સમગ્ર કાર્યક્રમ અવિસ્મરણીય અને યાદગાર બન્યો.

મહાસભાના ઇતિહાસમાં કદાચ પ્રથમ વખત એવું આયોજન થયું કે જેમાં કોઈપણ પ્રકારનું દાન કે આર્થિક યોગદાન માંગવામાં આવ્યું નહોતું. સમગ્ર ખર્ચ, જેમાં ભોજન, સમાજવાડી અને અન્ય તમામ વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે, ઓખા મંડળ ટ્રસ્ટ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. સ્વૈચ્છિક રીતે આપવામાં આવેલી ભેટોનો માત્ર સ્વીકાર કરવામાં આવ્યો હતો. ગરમીને ધ્યાનમાં રાખીને સમાજવાડીના પ્રથમ માળને સંપૂર્ણ





એરકન્ડિશન્ડ બનાવવામાં આવ્યો હતો, જે ટ્રસ્ટની આગવી સેવાભાવનાનું પ્રતિબિંબ છે. પુરુષોત્તમ માસ નિમિત્તે સમગ્ર સંકુલને પુરુષોત્તમ નગર નામ આપવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા ગોકુળ ગામની થીમ આધારિત સુંદર સજાવટ સાથે સેલ્ફી પોઇન્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. દ્વારકાધીશજીની આકર્ષક પ્રતિમાની પૃષ્ઠભૂમિમાં સમાજજનોએ ફોટોગ્રાફીનો આનંદ માણી સુંદર



યાદો સાથે પરત ફર્યા હતા. આ કાર્યમાં શ્રી ચિરાગભાઈ પરમાર અને શ્રી જયદીપભાઈ ચૌહાણ અને તેમની ટીમનું વિશેષ યોગદાન રહ્યું હતું.

મહાસભાનું અર્ધવાર્ષિક અધિવેશન એક આધુનિક હોટલના કોન્ફરન્સ હોલમાં યોજાયું હતું, જેના કારણે સમગ્ર કાર્યક્રમને કોર્પોરેટ વાતાવરણ અને વ્યવસ્થાનો અનોખો અનુભવ પ્રાપ્ત થયો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ભરતભાઈ દવે, શ્રીમતી કરિશ્માબેન ચૌહાણ અને શ્રીમતી રાધિકાબેન ટાંકના સંકલન અને સંચાલન હેઠળ કુલ ૧૬ પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી. કુમારી કાજલબેન ચૌહાણે પણ કાર્યક્રમમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ આપનાર દરેક કલાકારો ને સમગ્ર કાર્યક્રમ નિહાળતા વિશ્વભરના સમાજબંધવો દ્વારા ખુશી ભેટ દ્વારા પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. કુલ અંદાજીત ૬૫૦૦૦₹/- જેટલી ભેટ સમગ્ર કલાકારોને સરખે ભાગે વહેંચી દેવામાં આવશે. સમાજરત્ન શ્રી વિનોદભાઈ સોલંકીજી દ્વારા દરેક કૃતિ ને ૫૦૦₹/- ની ખુશી ભેટ જાહેર કરી હતી.

આ અધિવેશનનો એક ઐતિહાસિક પાસો એ પણ રહ્યો કે મહાસભા દ્વારા પ્રથમ વખત સમાજના યુવાનો અને સમાજબંધુઓના હિતાર્થે છ ડિજિટલ પ્લેટફોર્મનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. દ્વારકાધીશજીના આશીર્વાદ, ઉત્તમ વ્યવસ્થા, સ્વાદિષ્ટ ભોજન અને સુંદર સંચાલનને કારણે કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ સમાજબંધુઓ માટે આ એક યાદગાર અનુભવ બની રહ્યો. જે સમાજજનોએ આ પ્રસંગમાં હાજરી આપી નહોતી, તેઓએ ખરેખર એક અનોખો અને ઐતિહાસિક અવસર ચૂકી દીધો હોવાનું અનુભવ્યું હશે. શ્રી ગુજરાત પ્રાદેશિક સમિતિની ટીમ, ખાસ કરીને શ્રી પરેશભાઈ ચૌહાણ અને શ્રી રસિકભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ તેમજ ઓખા મંડળ ટ્રસ્ટના સહયોગથી યોજાયેલ આ ભવ્ય આયોજન ભવિષ્યના તમામ અધિવેશનો માટે એક આદર્શ અને સીમાચિહ્નરૂપ બની રહેશે તેમાં કોઈ શંકા નથી.



# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## કચ્છ પ્રાદેશિક સમિતિ

કચ્છ પ્રાદેશિક અંતર્ગત આવતા ઘટકોના પ્રતિનિધિઓની મીટીંગ તા.૩૧.૦૫.૨૦૨૬.રવિવારના રોજ સિનોગ્રા ઘટકના સ્નેહમય આમંત્રણથી, સમાજ ભવન સિનોગ્રા મધ્યે પ્રાદેશિક પ્રમુખશ્રી બાબુલાલ શામજીભાઈ ચૌહાણના અધ્યક્ષસ્થાને બોલાવવામાં આવેલ હતી. આ મિટિંગમાં ઘટક પ્રતિનિધિશ્રીઓ, મહાસભાના હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક તથા આમંત્રિત સભ્યશ્રીઓ, કચ્છ પ્રાદેશિક સમિતિના પદાધિકારીશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓ, કચ્છ મહિલા પ્રાદેશિક તથા યુવા પ્રાદેશિકના પદાધિકારીશ્રીઓ તેમજ અખિલ ભારતીય મહિલા મંડળના પદાધિકારીશ્રીઓ, ઘટક પ્રમુખશ્રીઓ/મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

પ્રારંભે કચ્છ પ્રાદેશિકના મહામંત્રી શ્રી અનિલભાઈ ચૌહાણએ ઉપસ્થિત મહાનુભાવોને મંચપર સ્થાન ગ્રહણ કરાવ્યા બાદ,મહાસભાના આદ.પ્રમુખ સમાજરત્નશ્રી વિનોદભાઈ પી. સોલંકીજી, કચ્છ પ્રાદેશિક પ્રમુખ બાબુભાઈ એસ. ચૌહાણ, વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી મનોજભાઈ પી. સોલંકીજી, ઉપપ્રમુખો શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ, શ્રી મનોજભાઈ વેગડ, શ્રી વિનોદભાઈ એસ. જેઠવા, શ્રી બલરામભાઇ ટી. જેઠવા, વરિષ્ઠ મહામંત્રી વિનોદભાઈ ખોડીયાર, મહામંત્રી વિનોદભાઈ પઢિયાર, મંત્રી શ્રી અજયભાઈ પઢિયાર, ભગવાનજીભાઈ રાઠોડ, સુરેશભાઈ ટાંક, અ.ભા.મ.મંડળના સલાહકાર પ્રમુખ અમિતાબેન સોલંકી, વરિષ્ઠ ઉપપ્રમુખ પુષ્પાબેન જે.ટાંક, મીનાબેન વેગડ, મહિલા પ્રાદેશિક પ્રમુખ રીટાબેન ચૌહાણ, ઘટક પ્રમુખશ્રી ભૂમિતભાઇ વાઢેર, પૂર્વ પ્રમુખશ્રી ધરમશીભાઈ વાઢેર, પ્રાદેશિક સમિતિના ઉપપ્રમુખશ્રીઓ રાજુભાઈ ટાંક, કમલેશભાઈ પરમાર વગેરેના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ હતું.



પ્રભુ શ્રીરામ સ્તુતિના સમુહગાન બાદ, નિરાલીબેન ટાંક દ્વારા સુંદર ભજનની પ્રસ્તુતિ કરવામાં આવેલ. કચ્છ પ્રાદેશિક મહામંત્રી શ્રી અનિલભાઈ ચૌહાણએ મીટીંગનું સંચાલન કરતા, ઉપસ્થિત તમામ મહાનુભાવો તથા ઉપસ્થિત સૌ સમાજ બાંધવોનું શાબ્દિક સ્વાગત કરેલ હતું. સિનોગ્રા ઘટક તરફથી રાકેશભાઈ ટાંકએ, ઉપસ્થિત મહાસભાના પ્રમુખશ્રી તથા હોદ્દેદારો, અન્ય મહાનુભાવોનું ફુલહાર અને શાલ વડે સન્માન કરાવેલ હતું.

ગત મીટીંગની મિનિટસનું વાંચન પ્રાદેશિક મંત્રીશ્રી રમેશભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ, જેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ. શ્રી રમેશભાઈએ પ્રાદેશિક સમિતિના ૨૦૨૫-૨૬ના હિસાબની પણ રજૂઆત કરેલ જે પણ સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ. કચ્છ પ્રાદેશિક સમિતિના છ માસિક અહેવાલની રજૂઆત મહામંત્રીશ્રી અનિલભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ. મહિલા પ્રાદેશિક મંડળનો અહેવાલ શ્રીમતી ઉષાબેન ચૌહાણ દ્વારા રજૂ કરવામાં આવેલ.

પ્રતિનિધિઓના સૂચન/સુઝાવના એજન્ડાએ, માધાપર ઘટક તરફથી પ્રમુખશ્રી જેન્તીભાઇ વાઘેલાએ લેખિત સુચન કરેલ, અંજાર ઘટક તરફથી બે લેખિત સુઝાવ પ્રમુખશ્રી વિનોદભાઈ ખોડીયાર દ્વારા રજૂ કરવામાં આવેલ.

કુકમા ઘટકના પ્રમુખશ્રી કેતનભાઈ ચૌહાણ એ, મહાસભા પ્રમુખશ્રી સમાજરત્ન વિનોદભાઈ સોલંકીજીની આગામી સત્ર માટે પણ ફરીથી પ્રમુખપદે વરણી થાય અને દ્વારકા અર્ધવાર્ષિક મિટિંગમાં પ્રસ્તાવ પસાર કરવામાં આવે એવા લેખિત પત્રનું વાંચન કરેલ. આ વિષય પર માધાપર, અંજાર, નાગલપુર, ગાંધીધામ, આદિપુર સહિત તમામ ઘટક પ્રમુખશ્રીઓએ પણ લેખિત પત્રો આપી, સર્વાનુમતે પ્રસ્તાવ પાસ કરવા જણાવ્યું. આ બાબતે મહાસભા ઉપપ્રમુખશ્રી વિનોદભાઈ ચૌહાણ અને વિનોદભાઈ જેઠવાએ પણ વર્તમાન મહાસભા પ્રમુખશ્રી સમાજરત્ન વિનોદભાઈ સોલંકીજીની સેવા ભાવના અને જરૂરિયાતમંદ લોકોને ઉપયોગી થવાની ભાવનાને બિરદાવી સમર્થન આપેલ અને ઉપસ્થિત તમામ મહાનુભાવોએ પણ પોતાના સ્થાન પર ઉભા થઈ આ પ્રસ્તાવને સમર્થન આપેલ અને

પ્રસ્તાવ સર્વાનુમતે મંજુર કરી મહાસભાને નિર્ણય અર્થે મોકલી આપવામાં આવેલ. ઘટકોના આવેલ લેખિત અહેવાલોનું વાંચન મંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ. કચ્છ પ્રાદેશિક અંતર્ગતના ઘટકોમાં સગપણ સમસ્યા નિવારણ અભિયાન ૨૦૨૬ની કામગીરી માટે મેરેજ બ્યુરો સમિતિના માર્ગદર્શન અને કચ્છ પ્રાદેશિક મહિલા મંડળના સહકારથી નીમવામાં આવેલ સંપર્ક સારથીઓની સુંદર કામગીરી બદલ, સમાજરત્નશ્રી વિનોદભાઈ સોલંકીજીના આર્થિક સહકારથી તમામ સંપર્કસાથીઓને સન્માન સ્વરૂપે પ્રતીક ભેટ સમાજરત્નશ્રીના હસ્તે આપવામાં આવી. તાજેતરમાં યોજાયેલ સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકામાં ચૂંટાયેલ આપણા સમાજના સભ્યો શ્રી ગિરીશભાઈ પરમાર, શ્રી ભરતભાઈ રાઠોડ, શ્રી નૌતમભાઈ ચૌહાણ, શ્રીમતી કુંદનબેન જેઠવા અને શ્રીમતી મમતાબેન વેગડનું પણ મહાનુભાવોના હસ્તે ફુલહાર અને શાલથી સન્માન કરવામાં આવેલ હતું.

પ્રાસંગિક ઉદબોધનમાં મહાસભા વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી મનોજભાઈ સોલંકીએ કચ્છ પ્રાદેશિક સમિતિની સગપણ સમસ્યા નિવારણ માટે સરસ કામગીરીનો ઉલ્લેખ કરી ધન્યવાદ આપેલ અને આવા કાર્યક્રમોથી સમાજમા સંગઠન મજબૂત બને છે એમ જણાવેલ. મહાસભા ઉપપ્રમુખો શ્રી વિનોદભાઈ ચૌહાણ, શ્રી વિનોદભાઈ જેઠવા, શ્રી મનોજભાઈ વેગડ, શ્રી બલરામભાઇ જેઠવાએ પણ પ્રેરક ઉદબોધન કરી પોતાના મંતવ્યો રજૂ કરેલ હતા. મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, શ્રીમતી અમિતાબેન સોલંકીએ તમામ સંપર્કસારથીઓને અભિનંદન આપી અને બાકી રહેતું કાર્ય સમયસર પૂર્ણ થાય તે માટે પ્રયત્નો કરવા જણાવ્યું હતું.

સિનોગ્રા ઘટકના પ્રમુખ શ્રી ભૂમિતભાઇ વાઢેરએ નાના એવા સિનોગ્રા ઘટકમાં આવા આયોજન બદલ આનંદ વ્યક્ત કરી, સમાજમાં સંગઠન અને સદભાવના જળવાઈ રહે તેવી લાગણી વ્યક્ત કરેલ. મહાસભા વરિષ્ઠ મહામંત્રી વિનોદભાઈ ખોડીયારએ પણ પ્રાદેશિક સમિતિને તમામ કાર્યક્રમોમાં મહાસભા વતી તમામ સહકારની ખાત્રી આપેલ હતી.

મહાસભાના પ્રમુખ સમાજરત્નશ્રી વિનોદભાઈ પી.સોલંકીજીએ સુંદર આયોજન માટે કચ્છ પ્રાદેશિક સમિતિને ધન્યવાદ આપી, સમાજમાં ભાઈચારો તથા સંપ જળવાઈ રહે તે માટે સૌએ સાથે રહી કાર્યો કરવા જોઈએ અને ખાસ તો સગપણ જેવી વિકટ સમસ્યાનું સમાધાન થાય તેના માટે સૌએ જાગૃત રહેવું જોઈએ એમ જણાવેલ. કચ્છ પ્રાદેશિક સમિતિ નિયમિત આવી પ્રતિનિધિ સભાનું આયોજન કરે છે અને ઘટકના નાનામાં નાના વ્યક્તિના વિચારો મહાસભા સુધી પહોંચે તે માટે પ્રયત્નશીલ છે તેને આવકારી, પ્રાદેશિક સ્તરે આવા આયોજનનો થકી સમાજમાં સદભાવનાનો સંચાર થાય છે અને તેમના પ્રશ્નો જાણવાનો સમાજના મોભીઓને પણ તક મળે છે એમ જણાવી પોતાના તરફથી સમાજના કોઈપણ કાર્ય માટે હંમેશા આર્થિક સહાય મળી રહેશે એવી ખાતરી પણ આપેલ.

પ્રમુખ સ્થાનેથી શ્રી બાબુભાઈ શામજીભાઈ ચૌહાણ દ્વારા આજની પ્રતિનિધિ સભાના સફળ આયોજન બદલ સિનોગ્રા ઘટક, મહિલા અને યુવા મંડળને ધન્યવાદ આપી આનંદની લાગણી વ્યક્ત કરેલ અને આવેલ સૂચન સુઝાઓ પર નિર્ણય માટે તમામ સૂચનો મહાસભાને મોકલવામાં આવશે. ઘટકોમાં જે જે કાર્યક્રમો થાય છે તેમાં પ્રાદેશિક સમિતિ ઉપસ્થિત રહી, જરૂરી સૂચનો કરી ઉપયોગી થાય છે.

સમાજની કોઈપણ બાબતોએ ક્યારેય પણ જરૂર પડે સહકાર માટે હંમેશા તૈયાર રહેવાની ખાતરી આપેલ. અંતમાં પ્રાદેશિક મંત્રીશ્રી રમેશચંદ્ર ચૌહાણ દ્વારા આજની આ સફળ પ્રતિનિધિશ્રીઓની મિટિંગમાં ઉપસ્થિત મહાસમાના આદરણીય પ્રમુખશ્રી, મહાસભાના ઉપપ્રમુખશ્રીઓ, તમામ મહાનુભાવો,પ્રાદેશિક સમિતિ,મહિલા પ્રાદેશિક, યુવા પ્રાદેશિકના પદાધિકારીશ્રીઓ,સભ્યશ્રીઓ, તમામ ઘટકોના પધારેલ પ્રમુખશ્રી/ મંત્રીશ્રીઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરેલ હતો. મિટિંગના સફળ આયોજન માટે સિનોગ્રા ઘટક, મહિલા મંડળ અને યુવામંડળના રાકેશભાઈ ટાંક, વિશાલ ચૌહાણ, નીરવ ટાંક, ઇન્દુબેન વાઢેર, રીતુબેન ટાંક, ધનલક્ષ્મીબેન ચૌહાણ વગેરેનો સુંદર સહકાર મળેલ હતો.


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

## માધાપર ઘટક

માધાપર ઘટક દ્વારા સમાજ ભવન મધ્યે તા. ૨૧-૦૫-૨૦૨૬ના સુવર્ણપ્રાશન ઔષધી પીવડાવવાનો ૧૭મો કેમ્પ યોજવામાં આવેલ હતો. જેમાં સર્વે સમાજના ૧૫ વર્ષ સુધીના ૪૧ બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા નિઃશુલ્ક પીવડાવવામાં આવેલ હતા. આ વખતે પુષ્ય નક્ષત્રના દિવસે માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતીલાલભાઇ વલમજી વાઘેલાના માર્ગદર્શન હેઠળ શ્રી ગિરીશભાઇ હીરજીભાઇ ચૌહાણ અને શ્રી રાજેશભાઇ રસિકભાઇ ચાવડાએ જહેમત ઉઠાવી હતી અને તેમના વરદ હસ્તે બાળકોને ટીપા પીવડાવવામાં આવ્યા હતા. સુવર્ણપ્રાશન ઔષધી અભિયાનમાં દરેક સમાજના બાળકોએ લાભ લીધો હતો.



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપર ઘટક અને ભાજપના જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના અગ્રણીઓ દ્વારા તા. ૦૫-૦૬-૨૦૨૬, શુક્રવારના રોજ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ માધાપર દ્વારા સંચાલિત કલ્યાણેશ્વર મહાદેવ - ટેકરીવાળા મહાદેવ મંદિર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં માધાપર ઘટકના પ્રમુખ શ્રી જયંતિલાલભાઇ વલમજીભાઇ વાઘેલા, સમાજના ગોર શ્રી પરેશભાઇ ત્રિવેદી, જીલ્લા પંચાયતના સભ્ય શ્રી રમેશભાઇ આહિર, જીલ્લા પંચાયતના માજી પ્રમુખ અને મહિલા મોરચાના અધ્યક્ષ શ્રીમતી પારૂલબેન કારા, માધાપર યુવા મંડળના પ્રમુખ અને તાલુકા પંચાયતના શાસક પક્ષના નેતા શ્રી ભરતભાઇ રાઠોડ તેમજ



ભાજપના અગ્રણી શ્રી વિજયભાઇ રાજપુત, શ્રી દિપકભાઇ ડાંગર, શ્રીમતી પ્રીતીબેન ભટ્ટ, સૌ સાથે મળી વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કરેલ હતું.

માધાપર ઘટક દ્વારા બાળકો માટે રાહત દરે નોટબુકોનું વિતરણ ઘટક પ્રમુખ શ્રી જયંતીભાઇ વાઘેલાના અધ્યક્ષ સ્થાને સમાજ ભવન મધ્યે રાખવામાં આવેલ. જેમાં દાતાઓ દ્વારા જાહેરાતો આપવામાં આવેલ. જેમાં મુખ્ય જાહેરાતના દાતા મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, મહાસભાના ઉપપ્રમુખ બ્રહ્માકુમાર બાબુભાઇ અરજણભાઇ પરમાર, ઘટક સલાહકાર શ્રી ચમનભાઇ માધવજી ચૌહાણ, શ્રી રમશેભાઇ લગધીરભાઇ ટાંક, ઘટક ઉપપ્રમુખ શ્રી બ્રિજેશભાઇ ગોહિલ તથા અનેક દાતાઓ દ્વારા જાહેરાત આપવામાં આવેલ. દાતાઓના સહયોગને કારણે તમામ સમાજના બાળકોને રાહતદરે ૨૦૦ પાનાની નોટબુકોનું વિતરણ રૂા. ૩૦/- દરે સમાજ ભવન કાર્યાલય મધ્યે સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી કરવામાં આવી રહ્યું છે. બાળકોને સારી ગુણવત્તા વાળી નોટબુકો મળી રહે તે માટે માધાપર ઘટકના મંત્રી શ્રી દિપકભાઇ નરસિંહભાઇ ચૌહાણ, સહમંત્રી શ્રી દિનેશભાઇ નરેન્દ્રભાઇ ચાવડા, કારોબારી સભ્ય શ્રી ચેતનભાઇ ચમનભાઇ ચૌહાણ અને શ્રી કિરણભાઇ શાંતિલાલ ચૌહાણે જહેમત ઉઠાવેલ હતી. કુલ ૧૦૦૦૦ નોટબુકોનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. નોટબુકોના વિતરણ વ્યવસ્થામાં શ્રી મનોજભાઇ જેન્તીલાલ ટાંક, શ્રી કમલેશભાઇ મુરજીભાઇ પરમાર, શ્રી ગીરીશભાઇ હીરજીભાઇ ચૌહાણ તથા શ્રી રાજેશભાઇ રસિકભાઇ ચાવડા સંભાળી રહેલ છે.

## બાલાઘાટ ઘટક

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ બાલાઘાટ ઘટક દ્વારા વરિષ્ઠ નાગરિક મંડળનું ગેટ-ટુગેધર તેમજ માર્ચ-એપ્રિલ-મે માહમાં આવેલ સભ્યોના જન્મદિવસની ઉજવણી કાર્યક્રમનું આયોજન મે મહિનામાં સમાજવાડીમાં હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવેલ. વરીષ્ઠ નાગરિક મંડળના સભ્યો ૬.૦૦ કલાકે થી સમાજવાડીમાં ભેગા થયા હતા. સમયસર પધારનાર પ્રથમ પાંચ સદસ્યોને હર્ષભેર આવકારતા ઘટકના પદાધિકારીઓ, મહિલા મંડળ તેમજ યુવા મંડળના સર્વે આગેવાનોએ સ્વાગત કરતા તેઓને ઉપહાર આપવામાં આવેલ હતા. આ ગેટ-ટુગેધર કાર્યક્રમ માટે વરીષ્ઠ નાગરીક સભ્યો ઉત્સાહભેર વાટ જોતા હોય છે તેમજ ઘટક પણ હર્ષની લાગણી સાથે આયોજન કરવા તત્પર રહે છે. કાર્યક્રમનું



પ્રારંભ કરતા સર્વે સભ્યો વચ્ચે એક લક્કી ગેમ તેમજ એક એક્ટિવીટી ગેમ ઉપરાંત હાઉસી રમત પણ રમાડવા બાદ નવા જોડાયેલ વરીષ્ઠ નાગરીક સભ્યોને વેલકમ કરતા સન્માન કરવામાં આવેલ રમત-ગમતના વિજેતાઓએ પુરસ્કારો મેળવ્યા હતા.

ત્યાર બાદ એ સભ્યો જેમનો જન્મદિવસ માર્ચ-એપ્રિલ-મે માસમાં આવે છે તેઓના પરિવારજનોની ઉપસ્થિતિમાં જન્મદિવસ નિમિત્તે કેક કાપી હેપ્પી બર્થ-ડે ના ગાયન કરતા એકબીજાને કેક ખવડાવી જન્મ દિવસ ઉજવ્યું સાથે જ તેઓને જન્મ દિવસની વધામણીનું અભિનંદન પત્ર પણ આપવામાં આવેલ. શ્રીમતી ગાર્ગીબેન પાર્થભાઇ રાઠોડ દ્વારા દરેક વરીષ્ઠ નાગરીક સભ્યોને પોતાની આવડતથી હસ્તનિર્મિત સારી ડીઝાઇન વાળા રૂમાલો ગીફ્ટ કરવામાં આવ્યા એ બદલ શ્રીમતી ગાર્ગીબેન રાઠોડનું અભિનંદન ઘટક પ્રમુખ શ્રી દર્શનભાઇ રાઠોડ સી.એ. દ્વારા કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં સ્વાદિષ્ટ અલ્પાહારના સહયોગી પ્રાયોજક શ્રી પ્રાગજીભાઇ રામજીભાઇ જેઠવા તથા શ્રી અરૂણભાઇ રામજીભાઇ જેઠવા હતા. આ મહિનાના સર્વે પુરસ્કારોના પ્રાયોજક શ્રીમતી ભારતીબેન યોગેશભાઇ રાઠોડ હતા. સર્વે સભ્યોએ સમુહ ભોજનમાં સ્વાદિષ્ટ વાનગીઓ આરોગી સહુ સહયોગી સદસ્યો કે જેઓએ પોતાના સમયનો ફાળવી આયોજન સફળ કરેલ તેઓ ધન્યવાદ આપેલ હતા.

# કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય - કુકમા



શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલય - કુકમા મધ્યે પવિત્ર અધિકમાસ નિમિત્તે ભોજન સમારંભ અને તમામ દિકરીના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. કાર્યક્રમની શરૂઆતમાં દિકરીઓ દ્વારા રજુ થયેલ પ્રભુ પ્રાર્થના બાદ છાત્રાલયના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઇ એલ. ચૌહાણ દ્વારા સૌને આવકારી પ્રસંગ પરિચય આપવામાં આવેલ હતો.

અધિક માસના પાવન પ્રસંગે છાત્રાલયના ચેરમેન શ્રી જેઠાલાલભાઇ પરમાર, વડોદરા દ્વારા છાત્રાલયમાં અભ્યાસ કરતી દિકરીઓ, સ્ટાફ તથા હોદ્દેદારોને સ્નેહભોજન આપવામાં આવેલ હતું. છાત્રાલય તથા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી દ્વારા અધિક માસના પાવન પ્રસંગે છાત્રાલયની તમામ દિકરીઓને શાલ ઓઢાળી, કુમકુમ તિલક દ્વારા સન્માન કરી દરેકને રૂા. ૧૧૦૦/- રોકડ ભેટ આપવામાં આવેલ હતી. આ ઉપરાંત છાત્રાલયના ગૃહમાતાને રૂા. ૧૧૦૦૦/- તથા દરેક સ્ટાફને રૂા. ૫૦૦૦/- ભેટ આપવામાં આવેલ હતા. અધિક માસના પાવન પ્રસંગે શ્રીમતી કલાબેન પ્રભુલાલભાઇ પરમાર તથા લીલાવંતીબેન તરફથી પણ દરેક દિકરીઓને રોકડ ભેટ આપવામાં આવેલ હતી. છાત્રાલયના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી દ્વારા સ્નેહ ભોજનના દાતા છાત્રાલયના ચેરમેન શ્રી જેઠાલાલભાઇ પરમારનું શાલ ઓઢાળી સન્માન કરવામાં આવેલ હતું તેમજ છાત્રાલયના સુંદર વહીવટ બદલ માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનભાઇ ચૌહાણ તથા મંત્રી શ્રી રમેશભાઇ ચૌહાણનું પણ તેઓશ્રી દ્વારા શાલ ઓઢાળી સન્માન કરવામાં આવેલ હતું.

કચ્છ પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા આયોજન થયેલી નિબંધ સ્પર્ધામાં ભાગ લેનાર છાત્રાલયની તમામ દિકરીઓને કચ્છ પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ તથા છાત્રાલયના સહવ્યવસ્થાપક શ્રીમતી અનસુયાબેન પરમારના હસ્તે રોકડ પુરસ્કાર આપવામાં આવેલ હતા.

છાત્રાલયના સહમંત્રી શ્રી રસીકભાઇ ચૌહાણ તેમજ શ્રી ઉમેશભાઇ ચૌહાણ, શ્રીમતી ઉષાબેન ચૌહાણ, શ્રીમતી ચંપાબેન ચૌહાણ, શ્રી રવિલાલભાઇ ચૌહાણ તથા સ્ટાફે સમગ્ર વ્યવસ્થામાં સહકાર આપેલ હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી મંત્રી રમેશભાઇ ચૌહાણે કરેલ હતી.



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

C/o.**શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)**
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

# અખિલ ભારતીય મહિલા મહામંડળે યોજ્યો મસ્તીનો મહાકુંભ



અખિલ ભારતીય મહિલા મહામંડળ અંતર્ગત રમત-ગમત સમિતિ દ્વારા તા. ૦૯-૦૫-૨૦૨૬ના રોજ વેકેશનની મોજ માણવાના હેતુથી આનંદમય વાતાવરણમાં ''ફન આર્ટસ અને મસ્તીનો મહાકુંભ'' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઓનલાઇન મનોરંજન કાર્યક્રમના સ્પોન્સર તરીકે શ્રીમતી હિનાબેન હિતેશભાઇ સોલંકી - દુર્ગ એ ખુબ સારો અને ઉદાર દિલ સહયોગ આપેલ હતો. આ મહાકુંભ અંતર્ગત બલુન આર્ટ, ક્વીઝ કાનિર્વલ, બોલિવુડ મસ્તી, રેટ્રો વીથ એકશન), શ્રીમતી અનિતાબેન વાઢેર (ક્વીઝ કાર્નિવલ), શ્રીમતી દીપાબેન ચૌહાણ તથા શ્રીમતી પ્રિયાબેન ટાંક (બોલીવુડ મસ્તી), શ્રીમતી કાજલબેન ચૌહાણ (બુઝો તો જાને ?)ની ટીમે કરેલ હતું.

શ્રીમતી પ્રિયંકાબેન રાઠોડ તથા શ્રીમતી આનંદીબેન ચૌહાણે સહયોગ આપેલ હતો. સ્પર્ધાના પ્રારંભમાં મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણે સૌને આવકાર આપી આયોજનનો ઉદ્દેશ સમજાવ્યો હતો.














ડાન્સ વીજ એકશન જેવી મનોરંજક સ્પર્ધાઓ અને બુઝો તો જાને જેવી ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તમામ સ્પર્ધાઓનું રસપ્રદ સંચાલન શ્રીમતી વંદનાબેન ચાવડા (બલુન આર્ટ), શ્રીમતી કાજલબેન ચૌહાણ (રેટ્રોડાન્સ

પ્રમુખ શ્રીમતી ગીતાબેન ચૌહાણે જીવનમાં હળવા ફુલ જેવું રહેવા માટે આવા આયોજનોની જરૂરીયાત પર ભાર મૂકી બહેનોના ઉત્સાહને વધાવ્યો હતો. સૌએ ખુબજ આનંદપૂર્વક ભાગ લીધો હતો.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ હૈદ્રાબાદ સિકંદરાબાદ મહિલા મંડળ તરફ થી સત્યનારાયણ મંદિર માં ૨૮-૦૨-૨૦૨૬ના દિવસે મીટિંગ રાખવામાં આવી હતી.

જેમાં મહા શિવરાત્રી, હોલીના ભજન સાથે ફૂલોની હોલીનું આયોજન હતું. અને કેક થી વિમેન્સ ડે નું સેલિબ્રેશન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રીમતી લીલાબેન ચૌહાણ એ પોતાના અમૂલ્ય વિચાર વ્યક્ત કર્યા હતા. આ સાથે રમત-ગમત (ક્વિઝ અને તંબોલા)નું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે અલ્પાહાર અને ઠંડાઈની વ્યસ્થા પણ કરવામાં હતી અને સરપ્રાઈઝ ગિફ્ટ પણ



રાખવામાં આવ્યું હતું અને આ આયોજન માં ૬૦ બહેનો ની ઉપસ્થિતિ હતી અને સુંદર પળ ને યાદગાર બનાવ્યું હતું.

## ગુલબર્ગા મહિલા મંડળ

ગુલબર્ગા મહિલા મંડળનું વુમન્સ ડે સેલિબ્રેશન તા. ૮ માર્ચ-૨૦૨૬, રવિવારના તનુજાબેનના નેતૃત્વમાં હિનાબેન ટાંકના ઘરે ઉજવવામાં આવ્યું હતું. સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆત એક સુંદર નૃત્ય દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં રૂપાલીબેન, માનસીબેન, યોશિતાબેન, આરતીબેન, સુચિતાબેન, સોનલબેન, આસ્થાબેન, મનાલીબેન અને જયશ્રીબેન દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું. એની યાદ એક અમારી નાની કલાકાર દર્શનાબેન એ પણ એક સુંદર નૃત્ય કરી બધા મન મોહી લીધા હતા. ત્યાર બાદ દર વર્ષની જેમ સમાજ ગૌરવ એવા સેવા આપતી બહેનોમાંથી પાંચ બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં જયશ્રીબેન પ્રફુલભાઇ ચાવડા, હર્ષિદાબેન સંદીપભાઇ ચાવડા, લક્ષ્મીબેન કિશોરભાઇ ચાવડા, તોરલબેન દીપકભાઇ ચૌહાણ, પૂજાબેન મહિલા દિવસ ઉજવતા બહેનો ખુબ સુંદર રીતે મનાવી ખુબ ખુશાલીથી સ્વાદિષ્ટ ભોજન કરી પૂરા દિવસ બહેનોએ મજા કરી સૌ છુટા પડ્યા હતા.

## મુંબઇ (મુલુન્ડ મહિલા મંડળ



મુંબઇ (મુલુન્ડ) મહિલા મંડળની દર મહિનાની મીટીંગ તા. ૧૮-૦૪-૨૦૨૬ના રોજ પૂજાબેનના ઘરે યોજાઇ હતી. સૌ પ્રથમ અમે ગીતાના ૧૫મા અધ્યાયનો પાઠ કર્યો હતો. ત્યાર બાદ અમે ગાયત્રી ચાલિસાનું પાઠ કરેલ. ત્યાર પછી સૌએ ભજનો ગાઇને સુંદર આધ્યાત્મિક માહોલ સર્જ્યો હતો. પછી પૂજાબેન ટાંક દ્વારા રાખેલી થીમ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા પર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

જેમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતા. ઘણા સભ્યો દયાબેન, જેઠાલાલ, માધવીભાભી, કોમલ, મિસ્ટર હંસ, મિસ્ટર અય્યર, બબીતા અને બાપુજી જેવા પાત્રોમાં સજ્જ થઇ આવ્યા હતા. શ્રેષ્ઠ પાત્રોને પ્રથમ અને દ્વિતીય ઇનામથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઘટકના ધનવંતરીબેન ચૌહાણની હાઇસ્કુલના ટ્રસ્ટી થતરીકે નિમણુંક થયેલ. તેમના ઉત્તમ કાર્ય માટે અભિનંદન સાથે સન્માન આપવામાં આવ્યું હતું. સંગીતાબેન રાઠોડ અનુશક્તિનગર ખાતે બીએઆરસીમાં તાલીમ લઇ રહેલા સુરક્ષા રક્ષકો માટે હેલ્થ અને ન્યુટ્રિશન વિષય પર સત્ર લીધું હતું. આ સત્રમાં તેમની શિફ્ટ મુજબનો આહાર, લાંબા કામકાજના કલાકો અને જાગૃતિ માટે માનસિક આરોગ્ય પર ખાસ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં સંગીતાબેન રાઠોડને તેમના ઉત્તમ કાર્ય અને તેમણે લીધેલા સેશન માટે અભિનંદન સાથે સન્માન આપવામાં આવ્યું હતું. ત્યાર બાદ એક રસપ્રદ રમત રમવામાં આવી અને અંતે સ્વાદિષ્ટ નાસ્તાનો આનંદ માણી, મીટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

## વડોદરા મહિલા મંડળ



પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે વડોદરા મહિલા મંડળ દ્વારા તા. ૧૩-૦૬-૨૦૨૬, શનિવારના રોજ સમાજ ભવન ખાતે સાંજે ૪ થી ૬ દરમ્યાન સમુહ પૂજાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સૌ બહેનો શ્રી કૃષ્ણલાલાને ઘરેથી સુંદર શણગારીને લાવ્યા હતા તથા મહારાજ દ્વારા શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામના ઉચ્ચારણ સાથે પ્રભુચરણમાં તુલસીદલ અર્પણ કરીને ભક્તિ યજ્ઞનો સૌએ લાભ લીધો અને ધન્યતા અનુભવી હતી.

થાળ-આરતી બાદ પ્રસાદ ગ્રહણ કરી યથા શક્તિ દાન યજ્ઞ કર્યો. કાર્યક્રમના બીજા ચરણમાં ડૉ. સાહીલ ગુપ્તા તથા ડૉ. ફરાઝ વાલી દ્વારા વાર્તાલાપ 'ટૉક-શો' દ્વારા મહિલાઓમાં વિવિધ પ્રકારના કેન્સર થવાના કારણ, ઉપચાર તથા બચાવના ઉપાય વિશે સરળ ભાષામાં ઉંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. અંતે પ્રસાદ સ્વરૂપ નિઃશુલ્ક ભોજન ગ્રહણ કરી સૌ છુટા પડ્યા હતા. વડોદરા યુવા મંડળ મહિલા મંડળના દરેક કાર્યક્રમમાં સહયોગી થાય છે. વડોદરા ઘટક તરફથી પણ આ કાર્યક્રમમાં તન, મન, ધનથી સહકાર મળ્યો હતો.

# સમાજ ગૌરવ



માધાપર નવચેતન અંધજન મંડળ ખાતે ડૉ. મહિપતરાય મહેતા અખિલ કચ્છ કન્યા કેળવણી પ્રોત્સાહન ટ્રસ્ટ દ્વારા તા. ૨૩-૦૫-૨૦૨૬, શનિવારના રોજ ''મારી પ્રિય મહિલા, મારી માતા'' વિશે કચ્છ લેવલના નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આદિપુર ઘટકના બહેન જાગૃતિબેન મૌલિકભાઇ પરમારએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને તેમને આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયેલ છે. આ સિદ્ધી બદલ તેમને ખુબ ખુબ અભિનંદન.



જયપુર ઘટકના મંત્રી શ્રી ભાવિનભાઇ દિનેશચંદ્ર ટાંકના સુપુત્ર ચિ. ગાર્ગેય આગામી ૬ મહિનાની ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ માટે મોરિશિયસ જવા રવાના થયેલ છે. તેમની આ સિદ્ધી બદલ તેમને ખુબ ખુબ અભિનંદન અને ઉત્તર પ્રગતિની હાર્દિક શુભકામનાઓ...

# અનંતની યાત્રાએ...

વર્ધા (માધાપર) નિવાસી જયશ્રીબેન હરજીવનભાઈ ટાંકનું તા. ૨૩/૫/૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

આદિપુર (સિનુગ્રા) નિવાસી રાજેશભાઇ દિલીપભાઇ વાઢેર (ઉ.વ.૪૬)નું તા. ૦૩-૦૬-૨૦૨૬ના રોજ અવસાન થયેલ છે.

અમદાવાદ (કુંભારીયા) નિવાસી પુષ્પાબેન રમણીકલાલ રાઠોડનું તા. ૧૯-૦૫-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (રેહા) નિવાસી શ્રી મનહરભાઇ લક્ષ્મણભાઇ વાઘેલા (ઉ.વ.૭૨)નું તા. ૧૮-૦૫-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (હાજાપર) નિવાસી શ્રી છગનલાલ રણછોડભાઇ પરમાર (ઉ.વ. ૯૪)નું તા. ૦૭-૦૬-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

જયપુર (નાગલપર) નિવાસી શ્રી ગિરીશભાઇ વેલજીભાઇ ચૌહાણ (ઉ.વ.૬૫)નું તા. ૦૭-૦૫-૨૦૨૬ના રોજે અવસાન થયેલ છે.

## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૩૧-૦૧-૨૦૨૭ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com


**તમારા નાણાકીય લક્ષ્યોને પ્રાપ્ત કરવા**

**SEBI પ્રમાણિત**

**યોગ્ય નાણાકીય સાધનોમાં લાંબા સમય માટે રોકાણ હેતુ**

**કૃપયા અમારો સંપર્ક કરો...**

**અમિત ગોપાલ ચૌહાણ**

AMFI પ્રમાણિત મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર

ARN - 290170

અંજાર (કચ્છ)

:: Contact ::

**8401482462, 8866933113**




KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48,
Balitha, Vapi.
**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir
Sisodra Ganesh, Navsari.







croma

in-store | online | mobile

India's leading Consumer Durables and
Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210
Mail : info@sandyresort.com
Website : www.sandyresort.com
Phone : 9727 223333




## Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**



*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम *मितेष जे. खोडियार* है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

**भविष्य सुरक्षा हेतु सुझाव**

- ✓ संपूर्ण परिवार सुरक्षा बीमा ✓ स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- ✓ जिवनभर आय की बचत योजना ✓ बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- ✓ स्पेश्यल कन्यादान बीमा योजना ✓ पेन्शन बीमा बचत योजना
- ✓ वाहन, मकान एवं दुकान का बीमा ✓ करोड़पति योजना ✓ विदेश यात्रा बीमा

*घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।**

FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

MDRT®

Insurance for NRI & FNIO*

STAR Health Insurance — Personal & Caring — The Health Insurance Specialist

HDFC ERGO — Take it easy!

IFFCO-TOKIO GENERAL INSURANCE — Muskurate Raho

Subscribe to my

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110. +91 94298 15099 mitesh.khodiar@gmail.com

Facebook.com/insurancebimapolicy insurance_bima_policy YouTube @InsuranceBimaPolicy

Jd Mitesh J. Khodiar Gandhidham

|| ઓમ શાંતિઃ ||

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**Mob. 98252 97341**

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : **Mo. 9537738640 (Deep)**



Lighten Up Your Life...

Anil Khodiyar
+91 98252 36151

Sumeet Khodiyar
+91 98791 95121

Jigar Khodiyar
+91 98794 04009

Khodiyar Group

# Khodiyar Engineering Works
# Urja Engineering Company
# Perfect Power System
# Unique Power System

Electrical Contractors | Consultants | Engineers

**Mfrs. Of : PCC, MCC, APFC, AMF, VFD, LDB, DG SET, ATS & Solar Panels**




**Authorised Importer**

TENSE®
ELEKTRİK - ELEKTRONİK SAN. TİC. A.Ş.



LS ELECTRIC




**Authorised Distributor**

C&S electric

RR KĀBEL

Schneider Electric

socomec
Innovative Power Solutions

atandra measure. protect. conserve | KRYKARD

Office & Works :- Shed No. L-46, 47, 48 & M-49, 50, G.I.D.C., Gandhidham (Kutch) 370201 Gujarat, India.
info@urjaengg.com, jigar@urjaengg.com www.urjaengg.com


Helping India
Invent the future
UNITRON
The Instrumentation People
UNITRON INSTRUMENTATION PVT. LTD
The leading Suppliers of Scientific and Material Testing Equipments in India.
Our major customers are Aerospace, Aeronautics, Automotive, Semiconductor, Steel, Foundry & Forge, Surface Coating Industry and Materials Research.
Vipin Rathod
Managing Director
Head Office:
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore-560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Branch Offices : Chennai, Delhi(Gurgaon), Pune
Email- info@unitron.in
Web: www.unitron.in

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on July-2026
Postal Registration No. G-KCH-185/2026-2028 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

|| જય સીયારામ ||




# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર

# SHREE RAM GROUP OF INDUSTRIES


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. 30/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

PAN NO. AABTS 4600 B

**દાન માટે અપિલ :-**

- રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
- રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
- રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
- રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
- રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરવા આવનાર તમામ કન્યાઓને કન્યા છાત્રાલય તથા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવારના સૌજન્યથી નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.


**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી ઉમંગભાઈ એમ. પરમાર - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક


માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ – ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.